ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 81 • શિક્ષણશાસ્ત્રી વિશેષાંક • ઓગસ્ટ, 2019

# વાતાયન

તંત્રી : ડો ધીમંત પુરોહિત



## વિદ્યાભવનના યોગી

# પ્રિ. એમ.સી.શાહ

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 81 • શિક્ષણશાસ્ત્રી વિશેષાંક • ઓગસ્ટ, 2019

# વાતાયન

'Vatayan'- the title is our tribute to the legendary Gujarati litterateur Chandrakant Bakshi, his pen and his column.

તંત્રીઃ ડો.ધીમંત પુરોહિત

## સાંકળિયું

1. તંત્રી લેખ : ડૉ ધીમંત પુરોહિત
2. સ્વીકૃતિ : શ્રી સ્નેહલ શાહ
3. મર્મનું સત્વ : શ્રી દક્ષેશ પાઠક
4. શાહ સાહેબે કોઈ પણ વિપરીત સ્થિતિમાં ગુસ્સા અને હતાશાથી દૂર રહી હલ કાઢ્યો : શ્રીમતી હસુમતીબેન મહેન્દ્રભાઈ
5. હંમેશા પોતાનું હિત બાજુ પર મૂકીને બીજાનું હિત પહેલાં વિચારતા મોટા ભાઈ પરમ પૂજ્ય શ્રી મહેન્દ્રભાઈ : ડૉ રમેશ સી. શાહ
6. વેલામાં તાકાત હોય તો વાડનો ટેકો જરૂરી નથી : શ્રી મુકેશભાઈ એમ. શાહ
7. A Man Of NO Compromise in Principles yet Compassionate : Mr. Snehal shah
8. કર્મનિષ્ઠ જીવનસૌરભ : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
9. શિક્ષણનો કીર્તિસ્તંભ : ડૉ. ચન્દ્રકાંત મહેતા
10. રેતીમાં વહાણ ચલાવનાર સંનિષ્ઠ આચાર્ય : શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ

11. શિક્ષણના રાજકારણીની બદીઓ સામે સતત લડ્યા : શ્રી શ્રેયાંસભાઈ શાહ
12. શિક્ષણશાસ્ત્રીની સાથે આદર્શ વહીવટકર્તા : શ્રી સુધીરભાઈ નાણાવટી
13. મારા તીર્થસ્થાન સમાન રહ્યા : શ્રીનરહરિભાઈ અમીન
14. કલાપ્રવૃત્તિને પણ શિક્ષણ જેટલું જ પ્રાધાન્ય : શ્રીમતી નીતાબેન એન. અમીન
15. Mahendrabhai as an institutions' builder : shri Anilbhai bekeri
16. વિકાસલક્ષી જ નહીં વ્યવહારલક્ષી કોલેજો સ્થાપી : શ્રી બી.વી.દોશી
17. સાચા હીરાના જાણકાર : શ્રી ત્રિલોકભાઈ પરીખ

પ્રકાશકઃ ન્યુઝવ્યુઝ.કોમ વતી ડો.ધીમંત પુરોહિત,

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર

અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું

www.newzviewz.com, Comminicators, 509, Shivalik High Street,
Near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015
dhimantaajtak@gmail.com Mobile : +91 98798 10101



# તંત્રીલેખ : વિદ્યાભવનના યોગી

## ડૉ ધીમંત પુરોહિત

કેવો એ સ્વર્ણિમ યુગ હતો ગુજરાતનો. ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રે ઉમાશંકર જોશી, વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રે કસ્તુરભાઈ લાલભાઈ તથા શિક્ષણ ક્ષેત્રે આપણા પ્રિન્સીપાલ એમ.સી.શાહ. અડધી સદી પહેલાના એ જમાનાને ગ્રંથ - "કર્મયોગી મોક્ષાર્થી પ્રિન્સીપાલ એમ.સી.શાહ" દ્વારા જીવતો કરવા બદલ પ્રિન્સીપાલ એમ.સી.શાહનાં પરિવારજનો, પરામર્શક પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને સંપાદક દક્ષેશ પાઠકનું ગુજરાત હમેશ માટે ઋણી રહેશે.

પ્રિન્સીપાલ એમ.સી.શાહ મૂળે અમદાવાદમાં અમારા દરિયાપુરની જ મોટી પોળનાં. બાદમાં એમની જ નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયમાં ત્રણ વરસ ભણવાનું થયું, ત્યારે એમનો વધુ પરિચય થયો. એ જેટલા મોટા શિક્ષણશાસ્ત્રી હતા, એટલા જ મોટા સંસ્કૃતિપુરુષ હતા. ગુજરાતની સ્થાપનાના ત્રીજા જ વર્ષે નવગુજરાતની ભાવના સાથે સ્થપાયેલી નવગુજરાત કોલેજ શિક્ષણનું એક નોધપાત્ર કેન્દ્ર તો હતી જ, એ વકતૃત્વ અને નાટક જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અવ્વલ રહે એનું તેઓ ખાસ ધ્યાન રાખતા. પ્રિ. આર.એ.ત્રિવેદી અને પ્રો. સૌરભ ચોકસી દ્વારા એનું મેન્ટરીંગ થતું. અભ્યાસ કાળ દરમિયાન મને એનો ખુબ લાભ મળ્યો, જે મને આગળ જતા કોમ્યુનીકેશન, માસ મીડિયા અને પત્રકારત્વ સુધી લઇ ગયો.

પ્રિન્સીપાલ એમ.સી.શાહ એમના જમાનાથી ઘણા આગળ હતા. અમેરિકાથી એ વ્યવસાયલક્ષી તાલીમનો વિચાર લઇ આવ્યા. સરકારી સ્કીલ ડેવલપમેન્ટ તો છેક 2005 પછી આવ્યું, એના 25 વર્ષ પહેલા 1980નાં અરસામાં એમણે ગુજરાત અને કદાચ ભારતમાં સર્વપ્રથમ એવું 'નવગુજરાત મલ્ટી કોર્સ ઇન્સ્ટીટયુટ' શરુ કરી એનું સુકાન એમણે ડૉ. ચંદ્રકાંત મહેતાને અને બાદમાં ડૉ. કુમારપાળ દેસાઈને આપ્યું. ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે આ સંસ્થાનું અનન્ય પ્રદાન છે. એ સંસ્થામાં એક અલગ વ્યવસાયલક્ષી યુનિવર્સીટી બનવાની ક્ષમતા હતી.

"કર્મયોગી મોક્ષાર્થી પ્રિન્સીપાલ એમ.સી.શાહ" – ૩૦૮ પાનાનો આ દળદાર ગ્રંથ ગુજરાતીમાં ભાગ્યે જ જોવા મળતું ડોક્યુમેન્ટેશન છે. જેમાં પ્રિન્સીપાલ એમ.સી.શાહનાં ધર્મ પત્ની હસુમતીબેન, ભાઈ ડૉ. રમેશભાઈ, પુત્રો સ્નેહલભાઇ – મુકેશભાઈ, પરિવારજનો, મિત્રો, ગુર્જરરત્નો, એમની નવગુજરાત કોલેજના અધ્યાપકો, કર્મચારીઓના હૃદયસ્પર્શી સંસ્મરણો, યાદગાર તસ્વીરો અને ઐતિહાસિક પત્રોનું સંકલન છે.

જો કે, 308 પાનાની સફર કર્યા બાદ પણ વાચક પ્રિન્સીપાલ એમ.સી.શાહની સંપૂર્ણ જીવનયાત્રાથી અજાણ રહે છે. કારણ કે, બધા લેખો પ્રિન્સીપાલ એમ.સી.શાહનાં જીવનના અલગ અલગ પાસાનો વીજ ઝબકાર જરૂર આપે છે, પણ ક્રમવાર સફરનું વર્ણન નથી કરતા. આપણે આશા રાખીએ, કે આ ગ્રંથની બીજી આવૃત્તિમાં અથવા અલગ પુસ્તક રૂપે આપણને ડોક્યુમેન્ટેશન ઉપરાંત પ્રિન્સીપાલ એમ.સી.શાહનું સમગ્ર અને સુરેખ જીવન ચરિત્ર પણ મળે. ગુજરાતની આ અને આવતી પેઢીઓના જીવન ઘડતર માટે એ અનિવાર્ય છે.

# સ્વીકૃતિ

## – શ્રી સ્નેહલ શાહ

આ નોંધ કરવા માટે કદાચ મારે ઘણાં પાનાંની જરૂરે પડે. આ ગ્રંથ તૈયાર કરવા માટે અગણિત વ્યક્તિઓએ મને મદદ કરી છે અને આ ગ્રંથને શક્ય બનાવવા માટે તેમનાં નામ શરૂ કરવા માટે અને તેમના સંપૂર્ણ દિલથી મળેલા સમર્થનનો ઉલ્લેખ કરવા માટે હું ખરેખર અને સાચે જ અતિશય ગૂંચવાઈ ગયો છું. ખાસ કરીને આ માટે મારા પિતાના મૃત્યુ બાદ 20 વર્ષ કરતાં વધુનો સમય લાગ્યો. હું વિચારું છું કે તેમનાં નામોનો ઉલ્લેખ કરવાની જરૂર નથી, કારણ કે મને ડર છે કે હું કેટલાંક ચૂકી જઈશ અને તે બિનપરવાયોગ્ય ગણાશે. ઘણા સાથે ચર્ચા કર્યા બાદ, આ સ્મૃતિની જાળવણીવાળા ગ્રંથ માટે હું ખૂબ જ ટૂંકી અને યોગ્ય ઉચિત સ્વીકૃતિ મૂકીશ. પહેલાં અને પ્રથમ હરોળમાં, મારું તત્કાળ એમ. સી. શાહ કુટુંબ, ચંદુલાલ મૂલચંદ કુટુંબ અને મારી મમ્મીનું કુટુંબ આવે છે. ત્યાર બાદ સૌ શુભેચ્છકો, શૈક્ષણિક સહકાર્યકરો અને વિશ્વવિદ્યાલયનાં સહયોગીઓ આવે છે. ત્યાર બાદ તેમના સામાજિક જીવનકાળ દરમ્યાન તથા જીવનના અન્ય પડાવ દરમ્યાન આવેલા તમામ અન્ય પરિચિતો આવે છે. ત્યાર પછી કોલેજમાંથી સંપાદકો તથા સલાહકારોની ટીમ અને ત્યાર બાદ સંપાદક પોતે જેણે સક્રિય સહયોગ આપ્યો તેમનો પણ આભાર. જે વ્યક્તિઓએ પોતાની અત્યંત ભીની લાગણીઓને હૃદયના ઊંડાણથી લખીને પોતાના લેખો આપ્યા છે એમની યાદી તો સાચે ઘણી જ લાંબી છે. (જે અનુક્રમણિકામાં જોઈ શકાય છે.)

આ સાથે નવગુજરાત પરિવારનાં તમામ સભ્યો, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, આચાર્યશ્રીઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. 'આભાર' શબ્દ જોકે બહુ જ નાનો છે અને વારંવાર વપરાતો આવ્યો છે. હું આ શબ્દને પૂરતો ન્યાય નથી આપી શકતો પરંતુ હું ખાતરી આપું છું કે તમારા સૌની નિઃસ્વાર્થ મદદ, લાગણીપૂર્વકનો સહકાર, સલાહ અને નૈતિક ટેકાને કદી પણ ભૂલી શકીશ નહીં, આપ સૌનો સદૈવ ઋણી રહીશ.

# મર્મનું સત્વ

- શ્રી દક્ષેશ પાઠક

Email : dakshespathak@gmail.com ● Mobile : +91 98989 88017

*'અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી એકમાત્ર આત્માર્થમાં જ લીન રહેવું એવો આ મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.'*

શ્રીમદ્ રાજચંદ્ર

મહાત્મા ગાંધીના જીવન અને વિચારો પર જબરજસ્ત પ્રભાવ રહ્યો જેમનો, એવા શ્રીમદ્ રાજચંદ્રની આ ઉદાત્ત જ્ઞાનસરવાણીનો આ પુસ્તક સાથેનો સંદર્ભ રજૂ કરું એ પહેલાં બીજી થોડી વાત કરું.

જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં મોબાઇલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો. સામે છેડેથી કહ્યું, "હું સ્નેહલ શાહ બોલું છું, મને 'ગુજરાત સમાચાર'ના શ્રી નિર્મમભાઈ શાહે તમારો નંબર આપ્યો છે અને ખાસ કહ્યું છે કે તમારી સાથે વાત કરું. વાત એમ છે કે નવગુજરાત કૉલેજ અને પછી તેને સંલગ્ન એવી બીજી કૉલેજોના સ્થાપક મારા પિતા એમ. સી. શાહના જીવન અને કાર્ય વિશે એક પુસ્તક લખવું છે, જેનું સંપાદન તમે કરો એવું નિર્મમભાઈએ ખાસ કહ્યું છે. તમને ફાવશે? અને હા, મારા પિતાના નામ આગળ હું સ્વર્ગીય શબ્દ જાણી જોઈને નથી બોલ્યો. ગયો છે તો માત્ર એમનો દેહ જ ને? એ એમની કોન્સિયસ સ્વરૂપે તો અમારામાં જીવે છે જ ને?"

મને આ છેલ્લું વાક્ય બહુ સ્પર્શ્યું. મેં કહ્યું કે, આ વીકએન્ડમાં મળીએ. બહુ પ્રામાણિકતાથી કહું તો એપ્રિલ-એન્ડ સુધીમાં મારે દિલ્હીમાં ત્રણ સ્ક્રિપ્ટ સબમિટ કરવાની હતી, એટલે બિઝી હોવાના દંભ વિના પરિસ્થિતિ બહુ અનુકૂળ નહોતી. પરંતુ સ્નેહલભાઈને મળ્યા પછી મેં 10 મિનિટમાં જ હા પાડી દીધી અને એ પણ માર્ચ-એન્ડ સુધીમાં બધું જ સંપાદન અને લેખન સબમિટ કરી દેવાની તૈયારી સાથે. કારણ? સ્નેહલભાઈનો એમના પિતા પ્રત્યેનો ભાવ અને વાતચીતનો ટોન. એમણે કહ્યું કે એમના પિતાનો એમના પર એટલો મોટો પ્રભાવ હતો કે એમના ગયા પછી પાંચ વર્ષ સુધી એમાંથી બહાર આવી શક્યા નહોતા અને સતત એવું થતું હતું કે કોઈ ચોક્કસ ક્ષેત્રમાં 50 વર્ષ સીમાચિહ્નરૂપ કામગીરી કરનાર વ્યક્તિ અચાનક આ દુનિયામાંથી વિદાય લે, તો શું બીજાં 10-15 વર્ષમાં એમનું નામ અને કાર્યો પણ નામશેષ થઈ જાય? તો નવી પેઢી સુધી એમનાં કાર્યોને જીવંત રાખવા એક પુસ્તક ન તૈયાર કરી શકાય? એવું પુસ્તક જે તટસ્થ રીતે, એમનાં જીવનદર્શનની ઝલક એમની સાથે કાર્ય કરનારા સૌની દૃષ્ટિએ આપે અને આજીવન આત્મશ્લાઘા દૂર રહેનાર એમના પિતાની કાર્યસુવાસ કોઈ ટ્રમ્પેટ વગાડ્યા વિના ફેલાવે. કેટલીક વાર પોતાનાં વખાણ માટે નહીં પરંતુ નવી પેઢી ઉમદા વિચારો અને કાર્યોનું સત્ત્વ ઝીલે એટલા માટે પણ આ કાર્ય થવું જરૂરી છે.

મેં સ્નેહલભાઈને કહ્યું કે, સાચું કહું તો હું એમ. સી. શાહ સાહેબને ક્યારેય મળ્યો નથી અને એમના વિશે બહુ જાણતો નથી, એટલે મારે એમની નજીક રહેલી ઘણી બધી વ્યક્તિઓને મળવું પડશે. હું આશ્રમરોડ પર જ નજીક આવેલી એચ.કે. આર્ટ્સમાં ઇંગ્લિશ લિટરેચર ભણતો હતો ત્યારે પણ, રખડવાની ટેવ ન હોવાને લીધે એમ ને એમ આંટો મારવાય કોઈ દિવસ નવગુજરાત કૉલેજમાં ગયો નહોતો. સ્નેહલભાઈએ કહ્યું કે તમારે બૂક લખવાની છે, મારા પિતાજી પ્રિ. એમ.સી શાહના તા.૧૫/૪/૧૯૨૯ ના જન્મદિવસથી તેમના અવસાન તા. ૨૨/૫/૧૯૯૬ સુધી તેમના જીવન કાર્ય સુધીની તમામ વિગતો તમને મળશે.

એ પછી શાહ સાહેબ સાથે વર્ષો સુધી કામ કરનાર અનેક વ્યક્તિઓને હું મળ્યો, જેમાં કૉલેજના પટાવાળાથી લઈને ઑફિસ સ્ટાફ, પ્રાધ્યાપકો, આચાર્યો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરેનો સમાવેશ થતો હતો. આ બધાંને મળ્યા પછી, દરેકના હૃદયના ઊંડાણમાંથી પ્રગટેલો શાહ સાહેબ પ્રત્યેનો શુદ્ધ ભાવ અને અહોભાવ સાંભળ્યા પછી, જેમને હું ક્યારેય

મળ્યો જ નહોતો એવા એક શૈક્ષણિક કર્મયોગીનાં જીવન અને વ્યક્તિત્વનાં અનેક પરિમાણ નજર સમક્ષ ખૂલ્યાં.

જીવનમાં વર્ષો સુધી રોજ મળતી વ્યક્તિને પણ ઘણી વાર ઓળખી શકાતી નથી, ત્યારે ક્યારેય ન મળેલી વ્યક્તિનાં વાઇબ્રેશન્સ તમને કોઈ અજાણ ખૂણેથી આવીને સ્પર્શી જાય એવું જીવનમાં ક્યારેક બનતું હોય છે અને મને આ વાઇબ્રેશન્સ સ્પર્શી ગયાં. કારણ કે કોઈ વ્યક્તિ વિશે જ્યારે બીજી કે ત્રીજી વ્યક્તિ બોલતી હોય છે ત્યારે ખરેખર તો બોલાઈ રહેલા સ્થૂળ શબ્દો તો બહુ ગૌણ બાબત હોય છે. બોલતી હોય છે તો માત્ર આંખો અને સંભળાતો હોય છે માત્ર ટોન. એમાં જૂઠ કે દંભ પકડાતાં વાર નથી લાગતી. પરંતુ શાહ સાહેબ વિશે જાણવા જ્યારે જ્યારે જેમને જેમને હું મળ્યો, એ દરેકની આંખો બોલતી હતી અને ટોન હતો 25 વર્ષ પહેલાંના અદભુત ટાઇમ ટ્રાવેલનો.

આ વિશે ઘણું લખી શકાય, પરંતુ હૃદયના શુદ્ધ ભાવની અભિવ્યક્તિ બસ બીજા હૃદય સુધી પહોંચી જાય અને સ્પર્શી જાય એમાં બધું આવી ગયું.

ધાર્યું હોત તો શાહ સાહેબ પરના આ પુસ્તકનાં બધાં જ ચેપ્ટર, બધાંની વાતો સાંભળીને 'ઈનડિરેક્ટ' સ્પીચમાં હું લખી શક્યો હોત અને બાયોગ્રાફીની સ્ટાઇલ પણ લગભગ એ જ હોય છે. પરંતુ સંખ્યાબંધ ઇન્ટરવ્યૂ લીધાં પછી અને અનેક પત્રો વાંચ્યા પછી લાગ્યું કે અહીં અભિવ્યક્તિ અને અહોભાવનો ટોન એટલો શુદ્ધ અને પ્રામાણિક છે કે શબ્દોમાં કોઈ જ ફેરફાર વિના એને જગ્યા પ્રમાણે માત્ર એડિટ કરીને 'ડિરેક્ટ' સ્પીચમાં જ મૂકવું. આમાં કોઈએ એવું ના જ સમજવું કે મારું મેટર કેમ કપાઈ ગયું અને બીજાનું પૂરેપૂરું આવ્યું. વાત ફરીથી સૌનો 'ટોન' રજૂ કરતી નિર્મળ અભિવ્યક્તિની જ છે.

અને હું પણ, શાહ સાહેબને મળ્યો જ.

**કોણ કહે છે શાહ સાહેબ આપણી વચ્ચે નથી...**

જીવનનો મર્મ શો છે? શું જીવન માત્ર વ્યક્તિની હયાતિ સાથે જ જોડાયેલું છે કે સ્થૂળ દેહની અનહદમાં ભળવા તરફની ગતિ પછી પણ વાઇબ્રેશન્સ સ્વરૂપે અનુભવાય છે? જીવનનું સાફલ્ય શું છે? પોતે



આજીવન કેટલી સંપત્તિ એકઠી કરી, કઈ કઈ ગાડીઓ વસાવી, કયા કયા દેશમાં ફર્યા, પોતાની તાકાત અને સત્તાના જોરે કેટલાને પોતાના પગ તળે શરણે આવવા મજબૂર કર્યા કે એહસાસ કરાવ્યો કે 'છેવટે તો હું જ છું.' કે પછી, પોતાની પાસે બધું જ હોવા છતાં પોતાની જાતમાંથી બહાર નીકળી જનસમસ્તના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવું, ન બોલાયેલા શબ્દો પણ આંખોથી વાંચીને કોઈની વેદના અનુભવવી અને એ દૂર કરવા બધું જ કરવું, કોઈ મ્લાન વદન પર સ્મિત પાછું ફરકે એવી આત્મશ્લાઘા વિનાની છાની ભૂમિકા ભજવવી, જીવનના સત્ત્વને સર્વાંગી રીતે પામવું અને સંપર્કમાં રહેતા તમામને એ સત્ત્વનું માહાત્મ્ય સમજાવવું, નવા રંગો પૂરવા અને નવી આશા જગાવવી, હકારાત્મક અભિગમ ઊભો કરવો.

આ બંને પ્રકારનાં જીવન જુદી જુદી વ્યક્તિઓ જીવતી હોય છે. જેમાં પહેલા પ્રકારની વ્યક્તિનું જીવન માત્ર તેના સ્થૂળ દેહની હયાતિ સુધી સીમિત હોય છે. જેમાં અન્યો દ્વારા મળતો આદર સંપત્તિ અને ભય આધારિત હોય છે અને આ દુનિયા છોડ્યા પછી બધું જ કાયમ માટે કાળની ગર્તામાં ધકેલાઈ જાય છે. એ પછી કોઈ યાદ કરે તો પણ તેનો સંદર્ભ ઘણી વાર વર્ણવવા જેવો હોતો નથી. જ્યારે બીજા પ્રકારનું જીવન જીવતી વ્યક્તિનો પુનર્જન્મ એ જ ઘડીએ થાય છે, એમનાં કર્મોની સુવાસ દ્વારા. એનાથી પણ સ્પષ્ટ કહીએ તો, સ્થૂળ દેહ તો કાળની ગતિ પ્રમાણે જાય, પણ એનાં સૂક્ષ્મ આંદોલનો હંમેશાં સ્પર્શ્યા કરે છે. એમનાં કાર્યોની સુવાસ ચોતરફ છવાયેલી રહે છે અને એમના જીવન દરમિયાન એ સુવાસ પામનાર વ્યક્તિ આજીવન ધન્ય રહે છે. એક એવી સુવાસ, જેનો પ્રતિભાવ પણ સુવાસ જ હોય છે, કોઈ પણ મિશ્રણ વિનાનો, અખંડિત, સમયની થપાટોને ઝેલીને પણ.

પ્રિન્સિપાલ એમ. સી. શાહ એટલે સૌના આદરણીય 'શાહ સાહેબ'. એમના સ્મૃતિગ્રંથ માટે જે પત્રો, લેખો આવ્યા છે, એમાં દરેકની ભાવના એટલી અણિશુદ્ધ અને પ્રામાણિક છે કે એક અક્ષર કૃત્રિમ ના લાગે. જાણે કે વિલિયમ વર્ડ્ઝવર્થની ઉક્તિ 'Spontaneous Overflow of Powerful feelings' ની સાર્થકતા શબ્દે શબ્દે અહીં ટપકે. શાહ સાહેબ માટે અનેક લેખો આવ્યા છે, જેમાં તેમનાં જીવન અને કાર્યનાં અનેક પાસાં ઉજાગર થાય છે. એક ઉમદા વ્યક્તિ, કેળવણીકાર, સૌના શુભચિંતક અને પ્રેરકબળ, વાણિજ્યની સાથે કલા-સંસ્કૃતિને એટલું જ પ્રાધાન્ય આપનારા એક દ્રષ્ટા.

દરેકે પોતાનો આદરભાવ બહુ જ હૃદયસ્પર્શી રીતે રજૂ કર્યો હોવાથી, કેટલાક ઘણા લાંબા લેખ હોવા છતાં તેમાં કાપકૂપ કરવાની જરાય ઇચ્છા થઈ નથી, પરંતુ જ્યાં પુનરાવર્તન છે ત્યાં જ એડિટ કર્યું છે. આ સૌ લેખો, એ વાતની સાબિતી છે કે શાહ સાહેબ આજે પણ, અત્યંત પવિત્ર વાઇબ્રેશન્સ સ્વરૂપે સૌની સાથે છે અને સૌનામાં જીવે છે.

### ઓવર ટૂ 1962, એક વિરલ વ્યક્તિત્વ સાથે ટાઇમ ટ્રાવેલ....

2355, પરબડીવાળો ખાંચો, લૂણસાવાડ, મોટી પોળ, દરિયાપુર, અમદાવાદ, વર્ષ 1942. સાંજે 5 વાગ્યે શારદાબેન ચંદુભાઈ શાહ ઘરમાં લાકડાની કોતરણીવાળો સુંદર હીંચકો સાફ કરી રહ્યાં છે. અચાનક બહારથી અવાજ આવે છે, "શારદાબા, તમારા મહેન્દ્રને પોલીસ પકડી ગઈ." શારદાબા એકદમ બહાર દોડ્યાં અને પૂછ્યું, "કેમ?" જવાબ આવ્યો, "હિંદ છોડો ચળવળની પત્રિકા બધાને ભીંત ઉપર ચોંટાડવાનું કહેલું, તોય મહેન્દ્ર પોલીસની નજર સામે જ પોલીસવાન ઉપર પત્રિકા ચોંટાડી આવ્યો."

કટ ટૂ - જેલની ઓરડી. 14 વર્ષનો કિશોર મહેન્દ્ર કોઈ અદમ્ય ઉત્સાહ અને ચહેરા પર ચમક સાથે જેલમાં બેઠો છે. જેની સાથે બીજા બધા મોટી ઉંમરના છે. શારદાબા બહાર ઊભાં ઊભાં પૂછે છે, "પોલીસવાન ઉપર કેમ ચોંટાડી?" મહેન્દ્ર કહે છે, "બીજે ચોંટાડું તો કોઈ નોંધ પણ ના લે. આપણે જે હેતુથી જે કરીએ છીએ અને કોણ છીએ એની ખબર તો પડવી જોઈએ ને, સામાવાળા ને?" શારદાબાએ સહેજ વિચારીને કહ્યું, "બરાબર કર્યું. સારું કામ કરવામાં ડર શેનો?"

'સોળે સાન ને વીસે વાન' કહેવતમાં એ દિવસે 14 વર્ષના મહેન્દ્રએ ઉમેર્યું, 'ચૌદે આન, બાન અને શાન, દેશદાઝની આગ સાથે દિશાનું ભાન'.

મહેન્દ્ર ચંદુભાઈ શાહ. અમદાવાદની ખોડ આંબલી પાસે છીપાપોળમાં ચંદુભાઈ મૂળચંદભાઈ શાહના ત્યાં તા. 15-04-1929ના રોજ જન્મ. પુષ્પાબેન, કૈલાસબેન અને ડૉ. રમેશ શાહ એમ અન્ય ત્રણ ભાઈબહેનમાં સૌથી મોટા. પિતા જહાંગીર મિલમાં નોકરી કરતા હતા. ઘરની આવક એકંદરે ઠીક કહી શકાય, પરંતુ સમગ્ર વાતાવરણની સંસ્કારની આવક અબજોમાં હતી. નાનપણથી જ દેશદાઝના રંગે રંગાયેલા મહેન્દ્રભાઈ અભ્યાસમાં તેજસ્વી હતા અને પોતાના સહાધ્યાયીઓ દેવેન્દ્રભાઈ સુતરિયા, મનુભાઈ પાલખીવાલા, વિનોદભાઈ શાહ વગેરેમાં એ



મોટી પોળનું ઘર




મોટી પોળનું પ્રવેશદ્વાર

ઉંમરે પણ આદર્શ ગણાતા હતા. એટલા સૌમ્ય અને અભ્યાસ પ્રત્યે ગંભીર કે બાળપણમાં તોફાનની ઉંમરે પણ એમનું એક પણ તોફાન કોઈએ સાંભળ્યું પણ નથી કે એવી કોઈ ફરિયાદ આવી નથી. હા, ક્યાંક ખોટું થતું હોય તો પરિણામની ચિંતા કર્યા વિના પરિસ્થિતિ સુધારવા એમાં સીધા જ ઊતરી પડવાનું એમનું ખમીર અલગ જ હતું.

શહેરની ન્યૂ હાઈસ્કૂલમાં શાળાકીય અભ્યાસ શરૂ થયો એ દરમિયાન મોટી પોળનું સહીયારુ મકાન માતાપિતા અને ચાર ભાઈબહેન વચ્ચે સાંકડું પડતાં પિતાએ લૂણસાવાડમાં જ બે રૂમનું નવું મકાન લીધું, જુનુ સહીયારુ મકાન કુલ ત્રણ માળનું હતું. વચલે માળે ત્રણમાંથી બે રૂમ તેમના ભાગમાં અને નીચે-ઉપલે માળે બે કાકાના રૂમો. આ સહીયારા મકાનમા ટેબલ-ખુરશી પૂરતાં નહોતાં ત્યારે કોઈ જ ફરિયાદ કર્યા વિના ઉપર કાકાના ત્યાં જઈને વાંચતા અથવા છીપાપોળના જૂના મકાન પાસે સ્ટ્રીટલાઇટ નીચે બાંકડે જઈને વાંચતા. ફરિયાદોના બદલે સંજોગો પ્રમાણે શ્રેષ્ઠ ઉકેલ લાવવાની એમની પદ્ધતિ અને સંસ્કાર આગામી વર્ષોમાં ઉચ્ચતર શૈક્ષણિક ક્ષેત્રે અમદાવાદમાં એક નવું જ પરિમાણ ઊભું કરવાનાં હતાં.

સ્કૂલ પૂરી થયા બાદ સારા ટકા મેળવવાને લીધે એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં એડમિશન મળી ગયું, પરંતુ તેમણે જોયું કે પિતાની આવકમાં રોજ વધી રહેલા નવા ખર્ચ જેટલો વધારો નથી થયો. કૉલેજમાં ભણતાં ભણતાં તેમણે ટ્યૂશન શરૂ કર્યાં અને ઘરમાં આર્થિક મદદ શરૂ કરી. થોડા મહિનાઓ પછી એમણે સાઇકલ પણ લીધી. એમણે ધાર્યું હોત તો સતત ભણીને એકધારી અનેક ડિગ્રી લઈ શક્યા હોત, પરંતુ જીવન અને કારકિર્દીની સાથે ઘરની અગત્યતાઓ અને જવાબદારીઓ પણ કેટલી જોડાયેલી છે એની સૂઝ જાણનાર મહેન્દ્રભાઈએ નક્કી કર્યું કે ગ્રૅજ્યુએશનની સાથે જ પહેલાં સારી નોકરી મેળવી લેવી અને પછી તેની સાથે વધુ ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખવો. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં તેમણે ઑક્ટ્રોય ક્લાર્ક તરીકેની નોકરી કોઈ જ ચિઠ્ઠી વિના પોતાની યોગ્યતાથી મેળવી અને અત્યંત પ્રામાણિકતાથી કામ કરીને કોઈ જ લાલચ કે દબાણમાં આવ્યા વિના અગાઉના અધિકારીઓના સમય કરતાં કૉર્પોરેશનની ઑક્ટ્રોયની આવક વધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી. પરંતુ, સર્જનાત્મક માણસની દૃષ્ટિ અને દિશા પરંપરાગત શૈલીને હંમેશાં અતિક્રમે છે અને મહેન્દ્રભાઈ સમાજની ભાષામાં હવે 'ઠરીઠામ' હોવા છતાં તેમને શિક્ષણક્ષેત્રે નવી ક્રાન્તિ સર્જવી હતી. જેનું સતત ચિંતન તેમના મનમાં ચાલતું હતું અને તેના પરિપાકરૂપે 1962માં સતત મંથન, જબરજસ્ત હોમવર્ક અને નિષ્કર્ષ બાદ તેમણે એક નિર્ણય લીધો અને એવો નિર્ણય, જે અમદાવાદ અને ગુજરાતની શિક્ષણદષ્ટિ, શિક્ષણનીતિ અને શિક્ષણપ્રણાલીને આગામી સમયમાં ધરમૂળમાંથી બદલી નાખનારો હતો. આર્કિટેક્ટ એલ.જે.પુરાણી સાથે ડિઝાઇન લઇને નવી ડએમણે કૉલેજ સ્થાપવાનું નક્કી કર્યું અને પછી કેટલી બધી અડચણો વચ્ચે સતત કેવી પ્રગતિ થઈ...

બોલો હું કહું કે, એમના મોઢે સાંભળવું છે જેમણે શાહ સાહેબની આ યાત્રા સતત નજીકથી નિહાળી છે. તો એમની પાસેથી જ સાંભળીએ ને?

# શાહ સાહેબે કોઈ પણ વિપરીત સ્થિતિમાં ગુસ્સા અને હતાશાથી દૂર રહી હલ કાઢ્યો:

## - શ્રીમતી હસુમતીબેન મહેન્દ્રભાઈ

મારો જન્મ 2/6/1930ના રોજ થયો હતો અને પિયરપક્ષ શાહીબાગ હતું. પૈસેટકે ખૂબ જ સમૃદ્ધ કુટુંબ હતું. મારા દાદા કોટન કમિશન એજન્ટ હતા. પછી તે આત્મારામ માણેકલાલ શાહની પેઢી તરીકે ખૂબ જ નામ પામેલા.

મારું બાળપણ શાહીબાગમાં પસાર થયું અને ચોથા ધોરણથી દાણાપીઠ મ્યુનિસિપલ સ્કૂલમાં અભ્યાસ કર્યો. દાદા સમૃદ્ધ હોવા છતાં ખૂબ જ સાદગીથી જીવન જીવવામાં માનતા હતા. તેઓની ઇચ્છા કે બહુ રોફ બતાવવો નહીં, તેને કારણે જ મને મૅટ્રિક સુધી મ્યુનિસિપલ સ્કૂલમાં ભણાવી. પિતા ખૂબ જ રૂઢિચુસ્ત, એટલે મને આગળ ભણવા માટે અનુમતિ આપી નહીં.

મારું મોસાળ રાયપુર કામેશ્વરની પોળમાં હતું, હમણાં એ મકાન હેરિટેજમાં આપેલું છે. આ મકાન સ્વ. અશોક ભટ્ટના મકાનની બાજુમાં જ હતું. શનિવાર તેમ જ રવિવાર હું મોસાળમાં જતી. મારાં માતાં પણ મૅટ્રિક સુધી ભણેલાં હતાં. પિતા રૂઢિચુસ્ત હતા પરંતુ દાદા નવા જમાનાનાં રીતરિવાજ સ્વીકારતા હતા.

મૅટ્રિક કર્યા પછી પણ મને ભણવાની ઇચ્છા હતી, પરંતુ પિતાજીની ઇચ્છા ન હતી. પરંતુ તેમણે કલાસમાં નહીં જવાની શરતે અને ઘરે જ રોજ 2 કલાક સાહેબ ભણાવવા આવે તો તે શરતે કોવિંદ હિન્દીમાં કરવાની અનુમતિ આપી અને મેં કોવિંદની ડિગ્રી હિન્દીમાં મેળવી. એ પછી મને સી. ટી. એસ. સ્કૂલમાંથી નોકરી માટે બોલાવેલી પરંતુ પિતાજીએ અનુમતિ આપી નહીં.

મારાં લગ્ન એમ. સી. શાહ સાહેબ સાથે થયાં ત્યારે મારી ઉંમર 23 વર્ષની હતી. હું અને પ્રિ. એમ. સી. શાહ સાહેબ એકબીજાને ઓળખતાં હતાં, છીપાપોળમાં સાથે રમેલાં હતાં, પછી હું શાહીબાગ રહેવા ગઈ અને શાહ સાહેબ મોટીપોળમાં રહેવા ગયા.



શ્રી શાહ સાહેબના લગ્નપ્રસંગનો ફોટો

મને વાંચનનો ખૂબ જ શોખ હતો, જે અત્યાર સુધી યથાવત્ છે. તે વખતે જે લાઇબ્રેરી હતી તેનાં બધાં જ પુસ્તકો મેં વાંચેલાં હતાં.

શાહ સાહેબનાં માતા અને મારાં માતા એ બંને માસીનાં બહેન થતાં. બંને વચ્ચે સંબંધ હતો એટલે મારાં માતાનો એવો આગ્રહ કે મારું સગપણ શાહ સાહેબ સાથે થાય.

જ્યારે મારા બે કાકા શાહ સાહેબના ઘરે સગપણનો રૂપિયો-નાળિયેર આપવા ગયા ત્યારે શાહ સાહેબનું ઘર, પરિસ્થિતિ જોઈને બન્ને કાકા ઘેર આવી રડ્યા હતા કે મારી દીકરી બે રૂમના ઘરમાં કેમ કરીને


શ્રી શાહ સાહેબના લગ્નપ્રસંગનો ફોટો

રહેશે પણ લગ્ન પછી શાહ સાહેબે નવું ઘર લીધું એટલે બધા એમ કહેતા કે મારાં પગલાં આ ઘરને ફળ્યાં.

હું ખૂબ જ સુખી અને સમૃદ્ધ કુટુંબમાં સુખસાહ્યબી સાથે ઊછરી હતી. કોઈ દિવસ રસોડાનું કામ કરેલું ન હતું. સાસરે આવીને સગડી સળગાવતાં પણ આવડતું નહોતું, કામકાજમાં પણ ખૂબ જ ધીમી, તેમ છતાં મારાં સાસુ મારી પર ગુસ્સો કરતાં નહીં. ઉપરાંત સાસુ મને પ્રોત્સાહન આપવા એમ કહે કે કામમાં ધીમા હોય એ બહુ જ ચોખ્ખાઈમાં માનનાર હોય.

મને સાડી, દાગીના પહેરવાં બહુ ગમે પણ શરૂઆતથી જ પિતાનો એવો આગ્રહ હતો કે સાદું જીવન જીવવાનું; એટલે હું ઘરેણાં પહેરતી ન હતી. શાહ સાહેબ મને નામથી બોલાવતા નહીં - "ક્યાં છું?" "ક્યાં ગઈ?" એમ કહીને જ બોલાવે. શાહ સાહેબનું દૈનિક કાર્ય ખૂબ જ રહેતું હતું. તેઓ 5:30 વાગ્યે સવારે જાગી જાય પછી તૈયાર થઈ નોકરીએ જાય. તેઓ ઑક્ટ્રોય ઇન્સ્પેક્ટરની નોકરી કરતા હતા. અમદાવાદ કૉર્પોરેશનમાં નોકરી હતી. હું સાહેબના આવ્યા પહેલાં જમું નહીં, સાથે જ જમતાં અને ગરમ રોટલી જ બનાવી આપું. મારા અને શાહ સાહેબનાં સંતાનોમાં પુત્રો મુકેશ અને સ્નેહલ અને એક પુત્રી પ્રીતિ.

લગ્ન પછી 1.5 વર્ષે મુકેશનો જન્મ કાલુપુર છીપાપોળમાં થયો હતો.

મુકેશ શહેરની સ્કૂલમાં જ ભણ્યો સ્નેહલ શરૂઆતમાં શહેરમાં અને પછી સ્વસ્તિકમાં ભણ્યા પછી મુકેશ અને સ્નેહલ સાથે જ એ. જી. ટીચર્સમાં ભણ્યા.

પ્રીતિએ ઝેવિયર્સમાંથી બી.એ. ઇકોનૉમિક્સ સાથે કર્યું. શાહ સાહેબના નાનાભાઈ રમેશભાઈ ડૉક્ટરીનું ભણતા હતા, તેઓ શાહ સાહેબનાં ત્રણેય સંતાનોને ભણાવતા અને પોતે ભણતા.

ત્રણેય સંતાનો એમ કહે કે પપ્પા ઘરે આવતા જ નથી. કારણ કે શાહ સાહેબનું દૈનિક કાર્ય ખૂબ જ વ્યસ્ત હતું. સવારે પિરિયડ લે એટલે વહેલા નીકળી જાય, જ્યારે બપોરે જમવા આવે ત્યારે બાળકો સ્કૂલમાં હોય અને રાત્રે આવે ત્યારે બાળકો સૂઈ ગયાં હોય, પરંતુ શાહ સાહેબને બાળકોની એટલી જ ચિંતા રહેતી. તેઓ પેપર્સ ચેકિંગ અને વૅકેશન આવે ત્યારે પેપર્સ લઈ આવે જેથી બાળકો સાથે સમય પણ સારી રીતે ગાળી શકાય અને પેપર્સ પણ ચેક થઈ જાય. તેમને પંજાબી ફૂડ બહુ ભાવતું હતું અને બધાં સાથે ભેગાં થાય એ હેતુથી પણ બધાંને તેઓ વારતહેવારે, સારા પ્રસંગે બહાર જમવા લઈ જતા હતા.

શાહ સાહેબ કોઈ દિવસ ગુસ્સે થયા નથી. ગુસ્સો કરતાં તેમને આવડ્યું જ નથી.

તેઓ પરદેશ ત્રણ વખત ગયા, બે વખત અમેરિકા અને એક વખત યુરોપ. તેઓ સાસરે જાય તો સાઇકલ લઈને જ જતા, તેમાં ક્ષોભ અનુભવતા નહીં. પછી પોળમાં હતા ત્યારે સ્કૂટર લીધું અને સાધના સોસાયટીમાં આવ્યા પછી ફિયાટ ગાડી લીધી હતી.

શાહ સાહેબે અધ્યાપક તરીકેની કારકિર્દી એસ. વી. કૉલેજથી શરૂ કરી અને સ્વ. ચીમનભાઈ પટેલ સાથે કામ કર્યું. ચીમનભાઈ આર્ટ્સમાં હતા ત્યારે તેમને પોતાની કૉલેજ સ્થાપવાનો વિચાર આવ્યો. નવી કૉલેજ સ્થાપવા માટે બે પ્રશ્નો હતા, પ્રથમ જગ્યા અને બીજો કૉલેજનું નામ. નવગુજરાત નામ શ્રી જ્યોતીન્દ્ર દવેએ આપ્યું. જ્યોતીન્દ્ર દવે અને શાહ સાહેબને ખૂબ જ સારો સંબંધ હતો. જ્યોતીન્દ્ર દવે અમદાવાદ આવે ત્યારે અમારા ઘરે જ રોકાય. એ વખતે મહાગુજરાત આંદોલન શરૂ થયેલું હતું, જેથી નવગુજરાત નામ રાખ્યું.

શ્રી શાહ સાહેબ, શ્રી ચીમનભાઈ પટેલ અને શ્રી રસિકભાઈ (અમદાવાદ કૉલેજ) એમ ત્રણ ખાસ મિત્રો હતા. શાહ સાહેબે રસિકભાઈને જગ્યા વિશે પૂછ્યું, તેઓએ આ જગ્યા બતાવી હતી. તે વખતે આ જગ્યા શ્રી શોધન પાસેથી લીધી. જેમાં મેં સોનાનું પલ્લું આપ્યું



કૈલાસબેનનાં લગ્ન સમયે શાહ સાહેબ અને
શ્રીમતી હસુમતીબેન

હતું. આ વખતે બીજા ટ્રસ્ટી ચંપકભાઈએ ખૂબ જ સાથ આપ્યો હતો

કૉલેજનું નામ અને જગ્યા નક્કી થઈ ગયાં એટલે કૉલેજ શરૂ કરી 1 જૂન, 1963. 1 જુલાઈએ પગાર આપવાનો હતો. કામ કરતા અધ્યાપકો, ઑફિસ કર્મચારીઓને પગાર કરવા માટે શાહ સાહેબ પાસે પૂરતી વ્યવસ્થા ન હતી. શાહ સાહેબ ચિંતામાં ગળાડૂબ કૉલેજના ધાબા પર વિચારમાં હતા કે અધ્યાપક અને કર્મચારીઓને પગાર કેવી રીતે કરવો? તે જ વખતે ન્યૂ કૉમર્શિયલ મિલના માલિક શ્રી ચંપકભાઈ આવ્યા.

ચંપકભાઈએ પૈસાથી ભરેલી બેગ શાહ સાહેબને સાચવવા આપી. શાહ સાહેબને ચિંતામાં જોઈ ચંપકભાઈએ પૂછ્યું કે "શું વાત છે? ચિંતામાં જણાઓ છો?" શાહ સાહેબે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે અધ્યાપક અને કર્મચારીગણને પગાર કરવાનો છે અને મારી પાસે પૂરતી વ્યવસ્થા નથી. તો તુરંત જ શ્રી ચંપકભાઈએ કહ્યું કે, "તમે આ બેગ રાખો, જેટલા રૂપિયાની જરૂર હોય તે લઈ લો અને પગાર કરી દો, તમારી પાસે જ્યારે વ્યવસ્થા થાય ત્યારે મને આપજો." આ રીતે શાહ સાહેબની સળગતી ચિંતા શ્રી ચંપકભાઈએ દૂર કરી હતી.

એ પછી તો શાહ સાહેબે પાછું વળી જોયું નથી. લેડિઝ હોસ્ટેલ પણ ચાલુ કરી દીધી. શરૂઆતનાં વર્ષોમાં શાહ સાહેબને ઘણી તકલીફ પણ પડી. તેઓ એમ કહેતા કે લોકોને માંગીને જે મળી જાય એ મને માંગ્યા પછી પણ ઘણા સમયે મળ્યું.

નવગુજરાત શરૂઆતનાં વર્ષોમાં શ્રી સી. એચ. મહેતા, શ્રી આર. એ. ત્રિવેદી, શ્રી ઇન્દુભાઈ ભટ્ટ, શ્રી એમ. સી. જોષી, શ્રી આર. ડી. શાહ, શ્રી મોહનભાઈ, શ્રી કુમારપાળભાઈ, શ્રી પ્રિયકાંત પરીખ અધ્યાપક ગણમાં હતા. તે વખતે કૉમર્સ અને આટ્ર્સ વિષયો સાથે કૉલેજ ચાલુ થઈ હતી.

તેઓ 1970માં અમેરિકા ગયા હતા અને તેમની સાથે એમ. સી. કારિયા પણ હતા. કારિયા સાહેબે જ બધી વ્યવસ્થા કરી હતી. તેઓ અમેરિકામાં કારિયા સાહેબ સાથે જ ફર્યા. અમેરિકાની વિવિધ કૉલેજમાં મુલાકાત લીધી ત્યાંથી તેમને મલ્ટિકોર્સ ચાલુ કરવાનો વિચાર આવ્યો અને નવગુજરાત મલ્ટિકોર્સનો જન્મ થયો.

તેઓ પુસ્તક પણ લખતા. તેમની શાહ – હકાણીની એકાઉન્ટની બૂક ખૂબ ખૂબ જ પ્રચલિત થઈ હતી.

શ્રી શાહ સાહેબનું સામાજિક જીવન પણ બહુ સ્નેહાળ રહ્યું છે. તેમણે નારણપુરા વિસ્તારમાં સિદ્ધાંત શાળા ચાલુ કરી જે આજ દિન સુધી ચાલુ છે. સિદ્ધાંત શાળા માટે બે મકાન લીધાં હતાં તેમાં જ શાળા ચાલુ કરી. શ્રીમતી સુશીલાબેને તેમાં મદદ કરી હતી. શાહ સાહેબ સિદ્ધાંત શાળા માટે ખૂબ જ મહેનત કરતા. તેમાં પુસ્તકાલય પણ બનાવ્યું. જે મકાનમાં સિદ્ધાંત શાળા ચાલુ કરી હતી એ નરોત્તમ ઝવેરીનો બંગલો હતો. તેમનો યુનિવર્સિટી સાથેનો સંબંધ પણ વિકસતો ગયો. યુનિવર્સિટી કાર્યોમાં ખૂબ જ જોડાયેલા રહેતા. તે વખતે શ્રી ઉમાશંકર જોષી વી. સી. હતા, અને મહાગુજરાતની ચળવળ ચાલુ હતી. તો શાહ સાહેબને યુનિવર્સિટી મિટિંગમાં ખૂબ જ જવાનું થાય. તેઓ પહેલાં સેનેટ મેમ્બર બન્યા. તેઓ આ બેઠક માટે બિનહરીફ ચૂંટાયા હતા. 1963 થી 1973 તેમના માટે ખૂબ જ વ્યસ્ત સમય રહ્યો.

તેઓ બધા અધ્યાપકોને સાથે રાખે, તેમની વાત સાંભળે અને એ રીતે પરિવારની ભાવના ઉત્પન્ન કરી હતી. તે પછી વર્ષમાં એક વખત કૉલેજના દરેક કર્મચારીએ ભેગા થવું એવું નક્કી કર્યું અને સ્નેહમિલન સમારંભની શરૂઆત થઈ. હું કૉલેજમાં પ્રસંગ હોય તો જરૂર જતી.



ધર્મપત્ની હસુમતીબેન સાથે, રાણકપુર, 1960

તેમને ગરીબ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાગણી હતી. મારી મિત્ર મૃદુલા પાઠક એક શાળામાં નોકરી કરતી હતી અને તેમના ભાઈ સાથે રહેતી હતી. તેમની આર્થિક પરિસ્થિતિ સારી નહોતી. શાહ સાહેબે કહ્યું કે 'તું સહેજ પણ ચિંતા ના કર, તું જે પગાર કહે તેટલા હું ઉમેરી દઈશ.'

તેમણે ગાડી સેકન્ડમાં લીધી હતી, જે ચંપકભાઈની હતી. તેઓ ખૂબ જ સ્વમાની હતા. નવગુજરાતની સ્થાપના માટે મારા પિતા પાસેથી કોઈ જ પ્રકારની આર્થિક મદદ લીધી ન હતી.

શ્રી શાહ સાહેબને જમવામાં ગળ્યું ખૂબ જ ભાવતું. દર રવિવારે કંઈક ગળ્યું જમતા. ફરવાનો પણ ખૂબ જ શોખ હતો. ફરવા જાય તો બધું સીધું સામાન લઈને જ જતા. એક વખત શાહ સાહેબને રબડી ખાવી હતી, તો મને રબડી બનાવવાનું કહ્યું. એ કામમાં એમણે મદદ કરી. ચોખા વીણી આપ્યા અને પછી દાળ, ભાત, શાક, રબડી સાથે બેસી જમ્યાં હતાં.

એમને યુરોપમાં બહુ મજા આવતી, અમેરિકા કરતાં પણ, જેનાં ઘણાં કારણો હતાં. એક તો યુરોપની કુદરતી સુંદરતા અને સંસ્કૃતિનું વૈવિધ્ય, પછી દોઢ મહિનો કેરેવેન સાથેની ગાડી કરી હતી જે સ્નેહલ અને જમાઈ અજયભાઈ ચલાવતા હતા અને પાછળ બેસીને આનંદ મળતો હતો. કેરેવેનના લીધે જમવાની કોઈ તકલીફ હતી નહીં. અજયભાઈની એ પહેલી ટ્રીપ હતી અને એમના કેમિકલના વ્યવસાય અંગે અનેક સંપર્કો બન્યા. જેને લીધે તેમના વ્યવસાયનો વ્યાપ વધ્યો જેનો શાહ સાહેબને ખૂબ જ આનંદ થયો હતો. શાહ સાહેબ હમેશાં માનતા કે પહેલાં ધંધો, પછી બીજી વાત. પરંતુ પ્રવાસમાં પણ ધંધો વિકસે તો સોનામાં સુગંધ ભળે.

શાહ સાહેબ અમેરિકા ફરીને ઇન્ડિયા આવ્યા, 10 વર્ષ સુધી તબિયત સારી રહી પણ પછી ફરીથી છાતીનો દુખાવો ઊપડ્યો તો મદ્રાસ બતાવ્યું. તે પછી મુંબઈ હૉસ્પિટલમાં બતાવ્યું અને ત્યાં જ એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ કરાવી. સાહેબની તબિયત નરમ હોવા છતાં પણ કૉલેજ જવાનું તો ચાલુ રાખ્યું. આટલી તબિયત ખરાબ હોવા છતાં ખૂબ જ હિંમત રાખે, સીડી તો ઝડપભેર જ ચઢેઊતરે.

તેમને કોઈ કપડાંનો કે અત્તરનો શોખ હતો નહીં. વર્ષગાંઠના દિવસે આયંબીલ જ કરતા, બાફેલું રાંધેલું જ અનાજ ખાવાનું અને ઉપાશ્રયમાં જ સવારે જમતા.

તેમનાં બા શારદાબેનની તબિયત છેક સુધી સારી જ હતી, પરંતુ એક દિવસ અચાનક તબિયત



ધર્મપત્ની હસુમતીબેન, પુત્રો મુકેશ, સ્નેહલ અને પુત્રી પ્રીતિ સાથે

બગડી હતી. શાહ સાહેબ એ વખતે ઘરે કુદરતી જ આવ્યા હતા. આવીને મને કહ્યું, 'મને સેવમમરા આપ.' તો મેં જણાવ્યું કે આજે બાની તબિયત થોડી નરમ છે. તો શાહ સાહેબ બા પાસે ગયા. બાએ વાતો કરી અને સાહેબને કહ્યું કે, 'હું જાઉં છું.' શાહ સાહેબે કહ્યું કે, 'ક્યાં જાય છે તું? અહીં જ રહે'. પળ વારમાં જ બાની આંખ મીંચાઈ ગઈ.

એક દિવસ સાહેબને અચાનક છાતીમાં દુખાવો થયો હતો, તો રમેશભાઈને બોલાવ્યા. રમેશભાઈએ ગોળી આપી અને અતુલભાઈને બોલાવ્યા પણ અતુલભાઈએ કહ્યું કે, 'હૉસ્પિટલ લઈ લો', તો શુશ્રૂષામાં દાખલ કર્યા, ત્યાંથી ઑપરેશન કરાવવાનું કહ્યું એટલે મુંબઈ લઈ ગયા. મુંબઈમાં સુશીલાબેન અને રમણિકભાઈ સાથે જ રહ્યાં.

સુશીલાબેન છેક સુધી સાથે જ રહ્યાં અને મને હિંમત આપી. તે બંને પણ ખૂબ જ શોકમાં આવી ગયાં હતાં. તેમની સાથે રમેશભાઈ, પૂર્ણિમાબેન, મુકેશભાઈ અને સ્નેહલ, તેમના બંનેનાં પત્ની પ્રીતિ, અજય સાથે જ હતાં. પણ સાહેબની તબિયત ખૂબ જ ખરાબ થઈ. અંતે દેહ વિલય થયો તે દિવસ જેઠ સુદ પાંચમ અને 22/05/1996 હતી. જેઠ સુદ છઠ એ મારી વર્ષગાંઠ હતી. મુંબઈથી સાહેબને પ્લેનમાં લાવ્યા અને છોકરાઓએ કહ્યું કે પપ્પાએ તારી વર્ષગાંઠ પણ સાચવી લીધી.

શાહ સાહેબના દેહવિલય પછી અમારા પુત્રોએ તેમની તમામ પરંપરા જાળવી રાખી છે અને મને ખૂબ જ સાચવી છે અને દરેક સામાજિક બાબતોમાં સલાહ પણ લીધી છે. આમ એક પતિ, પિતા, શિક્ષક, સામાજિક કાર્યકર અને સારા મિત્ર તરીકેની વિવિધ જવાબદારી ખૂબ સારી રીતે અદા કરી શાહ સાહેબ આ પૃથ્વીલોક પરથી સ્વર્ગલોકમાં પ્રવેશ્યા.



પ્રિ. એમ. સી. શાહનાં માતા-પિતા અને શ્રોતાગણ કાર્યક્રમ નિહાળતાં

# હંમેશા પોતાનું હિત બાજુ પર મૂકીને બીજાનું હિત પહેલાં વિચારતા મોટા ભાઈ પરમ પૂજ્ય શ્રી મહેન્દ્રભાઈ:

- ડૉ રમેશ સી. શાહ

શિક્ષણક્ષેત્રે અને સમાજમાં પ્રિ. એમ. સી. શાહના હુલામણા નામે ઓળખાતા શ્રી મહેન્દ્રભાઈ મારા મોટા ભાઈ થાય. મારા બાળપણમાં અને જીવનની શરૂઆતમાં મોટા ભાઈનો પ્રેમ આપ્યો અને મારા બાપુજીના અવસાન બાદ મને તેમની પાસેથી પિતાનો પ્રેમ સાંપડ્યો. તેઓ મારા જીવનમાં Friend, Philosopher અને Guide હંમેશને માટે બની રહ્યા. માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું અને જીવન જીવવાનો રાહ બતાવ્યો. આજે હું જે કાંઈ છું તેમાં તેમનો અનન્ય ફાળો છે.

તેઓ ખૂબ જ હિંમતવાન હતા. B.Com.ની પરીક્ષા વખતે તેમને તે જ દિવસે સવારના વીંછી કરડ્યો હતો. આજથી લગભગ 60 વર્ષ પૂર્વે અત્યારના મળે છે તેવી દુ:ખ દૂર કરવાની પાવરફુલ દવાઓ મળતી ન હતી. સખત દુખાવા સાથે તેમણે B.comની પરીક્ષા આપી અને First Class સાથે પાસ કરી.

M.Com. કર્યા બાદ અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનમાં ક્લાર્ક તરીકે નોકરી સ્વીકારી. અહીં થોડાં વર્ષ સર્વિસ કરી પણ શિક્ષણક્ષેત્રે વધુ રસ હોવાના કારણે તેઓ H. A. College of Commerceમાં લેક્ચરર તરીકે જોડાયા. કૉલેજમાં તેઓ Tie અવશ્ય બાંધતા. શિક્ષણક્ષેત્રે આગળ આવવાની તમન્ના ઘણી હતી. અને તે વખતે તેમણે પ્રોફેસર હકાણી સાહેબ સાથે દ્વિ-નોંધી નામાપદ્ધતિ ભાગ-1-4 F.Y.થી જ B.Com. માટે વિદ્યાર્થીજગતને આપ્યા, જે વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રસિદ્ધ થયા.

ત્યાર બાદ શ્રી ચીમનભાઈ પટેલ સાથે તેઓ સરદાર વલ્લભભાઈ પટેલ કૉલેજમાં કૉમર્સ વિભાગના વડા તરીકે જોડાયા અને પછી સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ બન્યા. હિંમતવાન તો હતા જ, સાથે સાથે સમાજમાં અને શિક્ષણક્ષેત્રે ખૂબ



શ્રી ચંદુલાલ મૂળચંદ શાહ, શાહ સાહેબના પિતાનો પરિવાર, ૧૯૭૫



માઉન્ટ-આબુ, નખી તળાવ, ૧૯૭૫

જ આગળ આવવાની તમન્ના હોવાથી શ્રી ચીમનભાઈ પટેલથી પ્રેમ અને કુનેહપૂર્વક સદભાવના સાથે છૂટા પડી નવગુજરાત કૉલેજની 1962માં સ્થાપના કરી.

કૉલેજમાં વિદ્યાર્થી, સ્ટાફ અને પ્રોફેસરનાં કાર્યો અને પ્રવૃત્તિમાં ખૂબ જ ઊંડાણથી રસ લેતા અને જરૂર પડ્યે મદદ પણ કરતા. તેઓ બધા સાથે તેમના જેવા થઈ એમને રુચિકર લાગતા વિષયો વિશે ચર્ચા-વિચારણા કરી ઘણી બધી અઘરી સમસ્યાનું સમાધાન કરતા. તેઓને વિદ્યાર્થી અને સ્ટાફ પ્રત્યે ઘણો પ્રેમ હતો. બધા સાથે વ્યક્તિગત સંબંધ રાખતા અને તેમનાં સુખદુ:ખમાં ભાગીદાર થતા. તેમના પ્રેમાળ અને ઉદાર સ્વભાવથી તેઓ બધાંનાં દિલ જીતી લેતા. વિદ્યાર્થી અને સ્ટાફના જીવનમાં કાંટા નહીં પણ ફૂલ બની રહેતા. કૉલેજમાં હંમેશાં બીજાના હિતનો વિચાર કરતા, બીજાના હિત માટે જતું કરતા, અને તેથી જ, કૉલેજમાં પ્રેમ અને શાંતિ ટકતાં અને સંબંધો મધુર બનતા. હંમેશાં બધાં સાથે મૈત્રીભાવ રાખતા. તેમના પોતાના વિચારો પ્રત્યે યુવાપેઢી અને સ્ટાફ સહમત થાય એવો આગ્રહ ન રાખતા. પોતાના આચારવિચારને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવતા. હંમેશાં સંસ્થાનું જ હિત જોતા. કોઈ પણ પ્રસંગ કે પરિસ્થિતિમાં રજનું ગજ ન કરતા અને જરૂર પડ્યે આંખ આડા કાન પણ કરતા. તેમની પાસે આગવી કામસૂઝ હતી અને તેથી સમય અનુસાર કૉલેજમાં પરિવર્તન કર્યા જ કરતા. તેઓએ શિક્ષણ અને સંસ્થાને પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

તેઓ સમજતા હતા કે પ્રગતિ માટે પ્રતિકૂળતા અનિવાર્ય છે. નિષ્ફળતામાંથી તેઓ પ્રેરણા મેળવતા, નિષ્ફળતામાં હિંમત ન હારતા, ધૈર્ય ન ખોતા, સહનશીલતા ન ગુમાવતા, નિષ્ફળતાને હાર ન ગણતા અને નિષ્ફળતામાંથી શીખીને અનુભવયુક્ત બનીને જાગૃતિ મેળવીને નવો ઉત્સાહ અને ઉમંગ જગવીને વધુ જોશ, વધુ આનંદ અને વધુ આત્મવિશ્વાસપૂર્વક પુરુષાર્થ આદરતા. તેઓ હંમેશાં પ્રસન્નતાપૂર્વક કાર્ય કરતા, કાર્ય કરવા છતાં કર્તૃત્વભાવ ન રાખતા અને સારામાં સારી રીતે કાર્ય કર્યા પછી ફળની આશા ન રાખતા. કોઈ પણ કાર્યમાં તેઓ કૌશલ્ય દાખવતા. વિધિપૂર્વક અને સમય પ્રમાણે કાર્ય કરતા અને નાનામાં નાનું કાર્ય પણ ચીવટપૂર્વક કરતા. કાર્ય કર્યા પછી તેનું નિરીક્ષણ કરીને થયેલી ભૂલોની સમીક્ષા, ચર્ચાવિચારણા કરતા, જેથી ભવિષ્યમાં તે ક્ષતિઓને દૂર કરી શકાય.

કોઈ પ્રત્યે વેર ન રાખતા અને મોટું દિલ રાખી

જતું કરતા. બીજા પ્રત્યે અનુકંપા અને કરુણાનો ભાવ રાખતા. કોઈના પ્રત્યે તિરસ્કાર અને ધૃણાના ભાવ ન રાખતા. કોઈને ખરાબ લાગે તેવું વર્તન ન કરતા અને ગમે તે પરિસ્થિતિમાં સમતુલન ન ગુમાવતા. બીજાને કદીય તુચ્છ ન સમજતા અને બીજાની નિરર્થક વાતો મગજમાં ન રાખતા.

બીજાની ભૂલ કદી પ્રગટ ન કરતા. અન્યની મોટી ભૂલને નાની કરી જોતા. ભૂલ કરનાર પ્રત્યે દુર્ભાવ, તિરસ્કાર તેમ જ ધૃણાભાવ ન રાખતા. તેઓ ભૂલ કરનારને આવકારે, સ્વીકારે, આશ્વાસન આપે. ભૂલ કરનારને પ્રેમ, વાત્સલ્ય અને હૂંફ પ્રદાન કરે. બીજાની ભૂલ સુધારવામાં સહાયક બને અને બીજાની ભૂલમાંથી પોતે બોધ મેળવે. સાથે સાથે પોતાની ભૂલ પ્રગટ કરવામાં સહેજ પણ ખચકાટ અનુભવતા નહીં અને પોતાની ભૂલને કારણે સામી વ્યક્તિને સહન કરવાનું આવ્યું હોય તો તેની માફી માગી લેતા.

કોઈના ઉપકારને ભૂલતા નહીં અને ઉપકારી પ્રત્યે હંમેશાં કૃતઘ્નતાની ભાવના રાખતા. બીજાની નાની સરખી મળેલી મદદને પણ જીવનભર યાદ રાખતા પણ બીજાના અપકારને ભૂલી જતા.

તેઓ હંમેશાં કાનથી સાંભળતા, આંખોથી જોતા અને મૌન રાખતા. તેમનામાં પોતાના દિલની વાત ટૂંકમાં કહેવાની જબરજસ્ત કુનેહ અને કલા હતી. બિનજરૂરી ન બોલતા. સંસ્થાના મોભી તરીકે સૌને જાહેરસભાને સંબોધનકર્તા શાહ સાહેબ, ૧૯૮૭ માર્ગદર્શન માગે ત્યારે આપતા. કોઈને વણમાગી સલાહ ન આપતા. સલાહ આપતી વખતે સમભાવ રાખતા અને તટસ્થભાવે સલાહ આપતા. સલાહ માંગનારની મનઃસ્થિતિ, અપેક્ષા, સહનશક્તિ, ભોગ આપવાની વૃત્તિ, જતું કરવાની વૃત્તિ, ધર્મ અને સંબંધોની કિંમત વગેરે બાબતોને લક્ષમાં લઈને સલાહ આપતા. સલાહ માગનાર તેમની સલાહ મુજબ વર્તે તેવી કોઈ અપેક્ષા ન રાખતા. તેઓ હંમેશાં પ્રેમપૂર્વક વાત કરતા અને ક્યારેય આદેશપૂર્વક નહીં. વાતચીતમાં અને વર્તનમાં નમ્ર રહેતા, માનપૂર્વક વાતચીત કરતા. તેઓ હંમેશાં હિતકર, મિતકર, પ્રિય, સૌમ્ય, મધુર અને સત્ય ભાષા બોલતા અને તે પણ ધીમે ધીમે અને તે પણ હકારાત્મક ભાવ સાથે. તેઓ હંમેશાં શ્રદ્ધાપૂર્વક વાત કરતા અને તેથી તેમના માટે કશું જ અસંભવિત ન હતું. બીજાના દોષ, દુર્ગુણ અને ત્રુટિઓને તે વ્યક્તિની ગેરહાજરીમાં કહેતા નહીં અને સાંભળતા નહીં. પોતાના ગુણોને કદી પ્રગટ ન કરતા. વર્તન અને વાણીથી તેમના સદગુણોની સૌરભ મહેકતી, સદગુણોની સરિતા વહેતી અને સદગુણોનું સંગીત રેલાતું.

બીજા પાસે અપેક્ષા ઓછી રાખતા અથવા ન રાખતા. અને તેથી ક્રોધનો પ્રસંગ આવે જ નહીં. મુશ્કેલી અને મુસીબતના સમયમાં ક્રોધ કરવાને બદલે શાંત ચિત્તે મુશ્કેલીને દૂર કરવાના ઉપાયો શોધતા. બધાને અનુકૂળ થઈને રહેતા અને બીજા તેમને અનુકૂળ થાય એવી અપેક્ષા ન રાખતા.





૧૯૮૭

તેઓ તેમની આસપાસ રહેલી, તેમના સંપર્કમાં આવતી અને તેમની સાથે કામ કરતી દરેક વ્યક્તિમાં રહેલા ગુણોને હીરાપારખુની જેમ પારખી તેના ગુણોની પ્રશંસા કરતા, આદરભાવ રાખતા અને બીજાના ગુણોની પ્રશંસા તેમની હાજરી કે ગેરહાજરીમાં કરતા. બીજાના નાના દેખાતા અને ઢંકાયેલા ગુણોને માઈક્રોમિક દષ્ટિથી અનેક ગણા મોટા કરીને જોતા અને ગુણગાન કરતા. વિરોધી, નિંદક, શત્રુ, હરીફમાં રહેલા સદગુણોને પારખીને તેની પણ પ્રશંસા કરતા.

વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિનો જે સંયોગ કે વિયોગ પ્રાપ્ત થાય તેનો હંમેશાં સ્વીકાર કરતા અને ફરિયાદ કરતા નહીં. તેમનો સ્વભાવ અફરિયાદી હતો. જ્યારે કોઈ પણ આર્થિક, સામાજિક, શારીરિક નુકસાન થાય ત્યારે નિમિત્તોને દોષ ન દેતાં શાંતિ રાખતા અને નુકસાનજન્ય પરિસ્થિતિને સમભાવ દષ્ટિથી જોતા. તેઓ અપયશ, અપમાન, અપકીર્તિ, નિંદા, અલાભ કે દુ:ખના પ્રસંગે ખૂબ જ ધીરજ ધરતા.

જ્યારે કોઈ પણ કાર્યમાં નિષ્ફળતા આવે ત્યારે સાથીઓને દોષિત ન ગણતાં પોતે જ જવાબદારી સ્વીકારતા અને તેથી જ સાથીદારો પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરવા તૈયાર રહેતા અને સમર્પિત થઈને કામ કરતા.

સંસ્થામાં અને સમાજમાં નાના, નબળા, દલિત અને તિરસ્કૃત પ્રત્યે અનુકંપા, સહાનુભૂતિ અને પ્રેમભર્યો અભિગમ દાખવીને હામ, હૂંફ અને પ્રોત્સાહન આપતા અને તેમના વિકાસમાં રસ લઈને તેમને સબળ, સ્વાવલંબી, સ્વમાની તથા વિકાસશીલ બનાવવા તન, મન અને ધનથી સેવા કરતા. તેઓ યથાશક્તિ હોંશપૂર્વક અન્યને મદદ કરતા અને તેને

ક્ષોભ કે સંકોચ ન થાય તેનું ધ્યાન રાખતા. તેમની આંખ સતત શોધતી કે આસપાસ કોને શાની જરૂર છે? તેઓ સૌનું હિત અને ભલું વિચારતા. તેઓ હંમેશાં નિરપેક્ષ પ્રેમ અને નિરપેક્ષ સહાય કરતા.

તેઓ વિરોધીને પણ પ્રેમ અને આદર આપતા. વિરોધીએ ઉઠાવેલા મુદ્દાઓનો અભ્યાસ કરીને તેમાં રહેલા સત્યને ચકાસતા અને સાચું લાગે તે સ્વીકારી લેતા. વિરોધી પ્રત્યે આત્મીયતા દાખવતા, આદર આપતા, બહુમાન અને પ્રેમ કરતા. તેમનાં હિત અને કલ્યાણની ભાવના રાખતા. આ બધાં કારણસર વિરોધીઓ બહુ સહેલાઈથી અને જલદીથી તેમને વશ થઈ જતા.

સાચું અને સારું કામ કરવામાં "એકલો જાને.... એકલો જાને.... એકલો જાને.... રે, તારી જો હાક સૂણી કોઈ ના'વે તો તું એકલો જાને રે..." એ અભિગમ રાખતા. કસોટીના સમયે શાંતિપૂર્વક અને ધીરજથી કામ કરતા, સહનશીલતાથી વિઘ્નોનું નિવારણ કરતા.

તેઓ બીજાના ઝઘડાનું સમાધાન તટસ્થ રહીને કરતા. સત્ય, પ્રેમ, પ્રામાણિકતા, તટસ્થતા, ન્યાયપ્રિયતા અને સર્વહિત અને સર્વકલ્યાણની ભાવના સાથે સમાધાન કરાવતા. જો સમાધાન ન સ્વીકારાય અથવા સમાધાનની શરતો ન પળાય તો ઉદ્વિગ્ન ન બનતા.

તેઓ અન્ય વ્યક્તિની મજાક, ટીકા, ટીખળ, ઠેકડી ન કરતા, તેના પર હસતા નહીં. અન્ય માટે હલકો અભિપ્રાય ન આપતા, ભલે ને તે વિરોધી હોય.

તેઓ સગાંસંબંધી, મિત્રોની ક્ષતિઓને, ત્રુટિઓને, નબળાઈઓને તેમ જ વિવશતાઓને જાણવા છતાં પ્રેમથી નિભાવી લઈ તેમની સામે મિત્રતા રાખતા. તેમની મિત્રતા બિનશરતી રહેતી. મૈત્રી રાખવામાં પ્રેમ, વાત્સલ્ય અને પરોપકારિતાની ભાવના મુખ્યત્વે રહેતી.

તેઓ પોતાનું નિત્યકામ શાંતિપૂર્વક, જાગૃતિપૂર્વક, રસપૂર્વક અને આનંદપૂર્વક ઉત્સાહથી કરતા. કામ કરવામાં રુકાવટ, મુશ્કેલી કે અવરોધ આવે તો તેઓ યોગ્ય વિકલ્પ શોધતા. અન્યની સલાહ, માર્ગદર્શન કે સહાય મેળવતા. તેમનું વલણ હંમેશાં રચનાત્મક અને હકારાત્મક રહેતું. તેમની દષ્ટિમાં શુદ્ધતા, સૂક્ષ્મતા, વિશાળતા, ઊંડાણ અને દૂરદર્શિતા સમાયેલાં હતાં. તેમનામાં અજબગજબની સહિષ્ણુતા હતી. મેરુ તો ડગે પણ તેમનું મન ન ડગે.

તેમણે પોતાનાં સર્વ જ્ઞાન, સમજણ, અનુભવ, બુદ્ધિ, ચાતુર્ય, વિવેકનો ઉપયોગ કરી જીવન જીવી સમાજમાં અને શિક્ષણક્ષેત્રે અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેઓએ ભૂતકાળમાંથી શીખી વર્તમાનમાં જીવી પોતાના ભાવિનું આયોજન કર્યું હતું.

તેમનું જીવન રામાયણ જેવું કર્તવ્યનિષ્ઠ અને બલિદાનનું મહાકાવ્ય છે.



બે બહેનો પુષ્પાબેન, કૈલાશબેન, ભાઇ ડૉ. રમેશ સી શાહ, તેમના પત્ની પૂર્ણિમાબેન, અને તેમના પુત્ર ગૌરવ અને પુત્રી કૃતિ

# વેલામાં તાકાત હોય તો વાડનો ટેકો જરૂરી નથી

## - શ્રી મુકેશભાઈ એમ. શાહ

અમેરિકાના વિખ્યાત બાસ્કેટબોલ ખેલાડી માઇકલ જોર્ડને પોતાના પિતા વિશે કહ્યું છે, 'Obstacles don't have to stop you, If you run into a wall, don't turn around and give up. Figure out how to climb it, go through it, or work around it'. મારા પિતાજીના સંદર્ભમાં આ વાત મને એટલે યાદ આવે છે કે તેઓ પરિણામો અને એને હાંસલ કરવા માટેની આકરી પ્રક્રિયાઓ અને મહેનતના માણસ હતા, તેઓ નિષ્ફળતા કે એના ખુલાસાઓના માણસ જ ન હતા. તેઓ અમને કહેતા કે નાના ધ્યેયોને હાંસલ કરવામાં કોઈ મોટી વાત નથી, પરંતુ મોટા ધ્યેયો હાંસલ કરવામાં વાર લાગે અને કોઈ વાર શરૂઆતમાં નિષ્ફળતા પણ મળે તો પણ માર્ગ છોડી ન દેવો. એનું તાદૃશ્ય ઉદાહરણ તેઓ પોતે જ હતા, જેમણે પોળમાં એક રૂમના નાના મકાનથી કારકિર્દી શરૂ કરીને અમદાવાદ અને ગુજરાતના અગ્રણી અને દૂરંદેશી શિક્ષણકાર તરીકેની આગવી ઓળખ બનાવી અને હજારો વિદ્યાર્થીઓને નવી દિશા અને જીવનદ્રષ્ટિ આપ્યાં. તેઓ ભવિષ્યમાં થનારા ફેરફારો અને તકોને સારી રીતે જોઈ શકતા હોવાથી પોતાની કૉલેજમાં કેટલાય એવા કોર્સિસ શરૂ કરાવ્યા જે એ સમયમાં ઍડવાન્સ ગણાતા હતા અને જે વિદ્યાર્થીઓ એમાં ભણ્યા એમાંનાં ઘણાંએ પોતપોતાનાં ક્ષેત્રોમાં પોતાનું નામ બનાવ્યું છે. મારી કારકિર્દી ઉપરાંત જીવનમાં પણ સ્પષ્ટ વક્તા અને પરિણામ આધારિત વ્યક્તિ તરીકેની કામગીરી અને ઓળખ તેમનાં પ્રોત્સાહન અને સંસ્કારોને આભારી છે. જ્યારે મેં C.A. Pass કરીને Practice શરૂ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે પોતાને અનેક ઉદ્યોગપતિઓ સાથે ઓળખાણો-સંબંધો હોવા છતાં મારા પિતાજીએ મને કામ અપાવવા માટે કોઈ પણ સંબંધોને કામે લગાડવા કે કોઈ પણ ઓળખાણોને વટાવવાને બદલે જાતમહેનતથી કામ શોધવા મને પ્રોત્સાહિત



રાણકપુરમાં મુકેશ અને સ્નેહલ સાથે, ૧૯૭૫

કર્યો. સામાન્ય રીતે ગુજરાતી કહેવત "વાડ વિના વેલો ન ચડે" અનુસાર કોઈ પણ નવું સાહસ શરૂઆતના Support વિના સફળ થવું ઘણું કઠિન હોય છે. પણ મારા પિતાજીએ કહ્યું હતું કે જો વેલામાં પોતાની તાકાત હોય તો વાડના Support વિના પણ જાતમહેનતથી સફળતા પ્રાપ્ત કરી શકે છેં. જ્યારે બારમું ધોરણ પાસ કરીને મારે B.Com.માં Admission લેવાનું હતું ત્યારે મારા પિતાજી પોતે નવગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ હોવા છતાં મને H.L. કૉલેજમાં Admission લેવાની સલાહ આપી. મેં કારણ પૂછ્યું તો મને ખૂબ જ સરસ જવાબ મળ્યો. "જો તું આપણી કૉલેજમાં ભણીને First Class લાવીશ તો બીજા કહેશે કે પોતાની જ કૉલેજમાં બધું Manage કરી લીધું. તારી સફળતાને સાચી કદર નહીં મળે." તેમના જીવનનો સિદ્ધાંત "ઓછા શબ્દો અને વધુ કામગીરી" એવો હતો અને એમણે ગુજરાત યુનિવર્સિટીમાં પણ સેનેટમાં રહીને ક્રાંતિકારી ફેરફારો કરાવ્યા. તેઓ કૉમર્સના નિષ્ણાત હતા પણ "કૉમર્શિયલ" નહોતા અને એમનાં કાર્યોમાં કે સંબંધોમાં ક્યારેય કોઈ ગણિત નહોતું એ એમના જીવનની સૌથી મોટી અને ઉદાહરણીય ખૂબી છે આજના યુગમાં.

લાગણી, ફીલિંગ્ઝ, અંતરની ઊર્મિઓ અને હૃદયના તાર સાથે જોડાયેલી જીવંત યાદો, શું એને અભિવ્યક્તિ માટે શબ્દોના માધ્યમની જરૂર છે? જે અંદર ફીલ કરવાનું હોય છે, એના બાહ્ય વહનની જરૂર ખરી?

મારા પિતાજીનો મારા જીવન પર પ્રભાવ, તેમની સતત પ્રેરણા અને મારી પ્રગતિ, આ ત્રણેય બાબતો તો વ્યક્તિગત અનુભૂતિની છે. જેના વર્ણનમાં શબ્દોનું કૌવત ઝાંખું જ પડે. જ્યારે પિતાજી વિશેના પુસ્તકમાં લખવાનું શરૂ કર્યું, ત્યારે હું આ જ વિચારતો હતો. ખુદ પિતાજી પણ તેમના અત્યંત નમ્ર સ્વભાવને લીધે શિક્ષણક્ષેત્રે સીમાચિહ્નરૂપ કામગીરી છતાં જરા પણ પ્રસિદ્ધિથી દૂર જ રહ્યા હતા. પરંતુ અત્યારે બીજો મુદ્દો એ છે કે એમનું જીવન અને કાર્ય નવી પેઢીને પ્રેરણા આપે એટલા માટે પણ પહોંચવું જોઈએ કે નહીં પેઢીઓ સુધી? લાગે છે કે પહોંચવું જોઈએ. મારા જીવનમાં અને હું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયો ત્યાં સુધી કારકિર્દી અને વ્યવસાયમાં એમણે સ્થૂળ દેહ છોડ્યો ત્યાં સુધી એમનો બહુ જ મોટો પ્રભાવ રહ્યો છે અને એમનાં કર્મોની સુવાસરૂપે આજે પણ એ આપણા સૌની અંદર અને આસપાસ મહેકે છે.

સૌએ એમને જોયા છે, જાણ્યા છે અને અનુભવ્યા છે એટલે વધુ ન લખતાં, એટલું જ કહીશ કે એમને જીવનનો આદર્શ બનાવીએ.



પિતા અને ભાઈ સાથે એમનું કુટુંબ

# A Man Of NO Compromise in Principles yet Compassionate

## - Mr. Snehal shah

My father Principal M. C. Shah

It is difficult for a son to write about his own father and especially so in my case for I could not spend a lot of quality time with my father during the early years of my life. In-fact, it was only at the age of 30, after I returned to India in 1987 from my European sojourn, that I really came to know about many of his abilities. Our time at 'Moti Pol' where we lived when I was a young boy, is made up of recollections of eating sumptuous street food, of assisting my mother and grandmother in doing household chores as we were quite poor, of flying kites and walking with my mother to my maternal uncle's house at 'Chhipa Pol' where we would meet my aunt and cousins, of walking with my mother on numerous occasions to buy all her small ladies' accessories such as bangles, powder and bindis where I was made to wait while she bought her things, and more. Be it these, or other memories – such as the memories of going to the Upashraya – they are all hazy and strong at the same time. I do not have many recollections of my father in those years and today I know the reason well. He just worked so very hard that he was hardly at home and by the time he would return home I would be fast asleep. Those were the days when he worked for the AMC and then as a professor at the City College. This is also the period when he wrote his first highly successful book on accountancy (Shah and Hakani), which was a best seller for years to come. His guide books, short-term quick references and fast information came out much later.

After 'Moti Pol' came the period when we moved to another rented premise in Navrangpura's Sadhana Society in the western part of Ahmedabad. Here, I have some good memories of my father. I remember he would take us to eat Punjabi food quite often since he was extremely fond of it. His favourites included Palak Paneer and Malai Kofta. Memories of eating these dishes have penetrated so deep that even today, I order these when I go out to eat Punjabi food. I remember well that when I played out in the streets with my friends, my friend's father would come necessitating an immediate departure of my friend for one reason or another. I had not realised back then that I was never expected to leave in this way and that I had the freedom to do what I liked to do. When my father would be home, our time together would be spent in going out in our very first car which was a second-hand Fiat. This was then followed up by a new Fiat car a few years later. We would take the car and go to places like Surendranagar, where we would visit a temple or an Upashray. For us, this time spent in the car with our parents was dearly cherished. Such memories are many and while looking back at these, there are times when I begin to see and really understand my father's foresight, personality and, above



પુત્ર સ્નેહલ વધુ અભ્યાસ અર્થે લંડન ગયો ત્યારે સ્ટેશન પર તેઓ ભાઈ ડૉ. રમેશ સી. શાહ અને ભત્રીજા ગૌરવ સાથે, ૧૯૮૦

all, his attitude towards life. I would like to narrate three such incidents that exemplify his wisdom.

When I decided to return to India from Europe in in the mid 80's and I started working out my 'transfer of residence', I could officially import a car for which I had in mind a Volkswagen Golf or Passat. My father agreed with this decision as it was going to be bought from the money I had earned there. After one week, however, he called me and said, "Son, please do not bring this car since in India if you visit any client in this car, no one will believe that you have no money. They may not pay your fees." Like an obedient son, I came back without a car and he bought me a Bajaj 150cc scooter, which I still have with me in memory of that advice of not bringing the car with me. The scooter now reminds me to live within my means and to stay low rather than to show off. Though times have changed a lot since that day, I feel that that advice is still valid today and forever.

During the initial years of my architectural practice, we were working for a finance company. It was a time when finance companies were mushrooming everywhere,

and everyone was investing money with either them or cooperative banks. People were giving these companies their hard-earned money in order to receive more than 22-25% interest in return. At that time, in the hope for such high returns, I asked my father if I should invest some of my earnings with these organisations. He was unaware of the bubble-burst and of such deals, but he told me to never show my money to clients or for that matter, to most people in general. In fact, he once told me to talk about fees, earnings and money matters in a very low voice because even in a closed office cabin when no one is outside, walls could have ears. He told me to avoid conversations about money and told me not to disclose my balance sheet to anyone. I followed his advice and deposited my money in a nationalised bank and today I know that this was very sound advice.

The third incident is very tragic and I shiver when I think about it. On 20th May, shortly before my father died (he died early on 22nd May 1996), I was talking to him in the ICU in a hospital in Mumbai when he commented that that hospital was very good and said that we should have such hospitals in Ahmedabad – 'why must one come all the way here? Can we do something about this?' In a time when he was hospitalised for his own bypass surgery, he was thinking



પુત્ર સ્નેહલનાં સુજાતા સાથેનાં લગ્ન, ૧૯૮૭

about what he could do to make others' lives easier. He had not relinquished the hope to do things and was thinking about getting a hospital in Ahmedabad that would be at par with the world. He would have been very happy to see that Ahmedabad now has many specialised and well-equipped hospitals but in that moment, I was left speechless and I continuously strive to be a little like him.

Another thing that I know about my father is that he was very frugal. He would not spend a lot of money and try to live like a true Jain. I remember one instance where I had bought a new pair of shoes since I have been extremely fond of good shoes since a very young age and they are among the few things that I like to shop for. Upon seeing my new shoes, my father mentioned that he liked them and asked me where I had bought them from. They were from Delhi and I had purchased them during one of my business trips. On my next trip, of course, I bought a similar pair for him. He appreciated this and asked me about its price. Imprudently, I told him what it was! After he passed away, when we were cleaning his steel cupboard



Lunch MONDAY - DAY 9
DIET: 4 GM. SODIUM
APPETIZER
FRUIT PUNCH
LS VEGETABLE BEEF SOUP
ENTREE
*LS BARBECUED RIBS
LS MACARONI & CHEESE
STARCHES & VEGETABLES
*MASHED POTATOES
*CARROT COINS
BROCCOLI
SALAD
*COTTAGE CHEESE W/CHIVES
TOSSED GARDEN SALAD
DESSERT
CHOCOLATE CHIP COOKIE
FRESH APPLE
*ORANGE SHERBET
SALAD DRSG.
FRENCH
1000 ISLAND
ITALIAN
VINEGAR & OIL
MAYONNAISE
BREAD
WHITE
*WHOLE WHEAT
LS CRACKERS
HARD ROLL
*MARGARINE
BEVERAGES
*COFFEE
DECAF. COFFEE
TEA
ICED TEA
LEMON
2% MILK
WHOLE MILK
SKIM MILK
NON-DAIRY CREAM
*CREAM
*PEPPER
*SUGAR
Sub
x2
NAME Shah
ROOM 622W

Dinner SATURDAY - DAY 14
DIET: 4 GM. SODIUM
Veg
ENTREE
PORK CHOP W/LS GRAVY
*LS CHEESEBURGER DELUXE
STARCHES & VEGETABLES
MASHED POTATOES
*LS FRENCH FRIES
*MEXICAN CORN
BUTTERED CAULIFLOWER
SALAD
*TOSSED GARDEN SALAD
DESSERT
CHOCOLATE CREAM PIE
FRESH ORANGE
*LIME SHERBET
SALAD DRSG.
*FRENCH
1000 ISLAND
ITALIAN
VINEGAR & OIL
MAYONNAISE
BREAD
WHITE
WHOLE WHEAT
LS CRACKERS
DINNER ROLL
*MARGARINE
BEVERAGES
*COFFEE
DECAF. COFFEE
TEA
ICED TEA
LEMON
2% MILK
WHOLE MILK
SKIM MILK
NON-DAIRY CREAM
*CREAM
*PEPPER
*SUGAR
612W
NAME SHAH
ROOM

૧૯૮૪માં હાર્ટએટેક પછી અમેરિકાની હોસ્પિટલમાં શિસ્તબદ્ધ મેનુ

where he had safely kept some of his most precious belongings, we found those shoes there! Upon knowing their price, he thought them to be too precious and stored them there!

Another instance that comes to mind is about his car. My father liked his old Fiat car very much (its number '4776' was known to everyone who knew him) and he would cherish it and use it with a lot of love but would not spend money for its maintenance. Once, we tricked him and told him that one of my clients would like to buy this car for good money. He agreed to sell it. So when I got hold of the car, I sent it to the garage and got it repaired very well and then gave it back to him. He was stunned and said, "You've made me appear foolish!" But he appreciated the gesture greatly, and hugged me tightly. I still remember that emotional hug!

That said about his tendency to not spend, once, after making my balance sheet (something that he did for me till he died), he was happy with the figures and said, "Son, please spend money when you earn it. At least 33% of the profit." I asked him why, to which he replied, "I am unable to spend money due to my nature, but if you spend, you will make me extremely happy." I always think of him when I spend money or spend more than necessary! To get satisfaction from someone else's pleasure was in my father's nature. On a trip to Europe with me, Ajay bhai and Priti, he was very happy especially since we had a car of our own and we could meet Ajay bhai's many probable buyers since this was the first time that he had made contact with them. In regard to this my father once said, "I am happier about the business, and about travelling together, than about seeing Europe!" What else can I add? He gave tremendous support to my wife and me when we left Ojas to make a place of our own. As partings are always painful and especially for us since both of us and our very young daughter were totally innocent, immature and unaware of how to run a house and live a new, independent life. His support back then, and perhaps his blessings now, have kept us the way we are.

All six of us – Mukesh bhai, Shilpa bhabhi, Priti, Ajay bhai, Sujata and I, feel saddened that he never spoke to us or expressed his agony, his problems and his sorrows to us. I only remember one instance when my mother and I went to the construction site of our house in Gandhinagar. He joined us and while passing a thermos of tea, he told me to live my life with the highest self-respect. I enquired why he was telling me this and he told me that at times, during his life of struggle, when he was establishing himself and taking care of all of us, he had to make some compromises (I call these soft spots of compromises in life). He had to let go off his ego many a times during the early years of his career since he was not always treated with the sort of respect with which a person should be treated. He told me then that if I lived my life with dignity, earning and spending money, as money is made to be spent too he said, it would make his struggle fruitful and make him tremendously happy. Today, whenever I have to face such situations of soft compromises, I think of following his advice of staying with dignity in the hope that, wherever he is, he will be happy. We all feel that my father lived his life meaningfully and extremely well, but he faced all the problems in his life alone and never shared them. He never let his hardships and worries be known or bother us. I miss him so much. Everyday.

Since my father's pious soul left his body on 22nd May 1996 (I was told that such dates do not leave the mind. It is true, and how!) until today, my sister Priti, elder brother



પુત્રી પ્રીતિબેનનાં લગ્નની પૂર્વતૈયારી



પુત્ર મુકેશ, સ્નેહલ અને પુત્રી પ્રીતિ



હસુમતીબેન, પુત્ર મુકેશ અને સ્નેહલ



Mukesh bhai and I, have met many people who are full of praise for him, his character and for his capacity for doing things while making people his own and taking them along with him in life. We have wondered and been amazed that in a relatively short life span of his, he could achieve so many things and that too without having received any proper background or support. He had succeeded in making several acquaintances from all walks of life. So, a few years ago, I undertook a mission to request all those who knew him to write their experiences and memories of him. The reason for this was simple: though we know that there are no set rules to live a meaningful life, when we read and learn about one way of doing so, it can become an inspiration for people in various ways. If someone can learn even a few things from the life of my father and make their life more meaningful, it would make his soul so happy. It has been difficult to get so many write-ups, as many of his close friends, colleagues and near relatives have passed away, and for some others, to remember the past after so many years would not always have been easy. However, I am truly surprised that so many responses have come in and that too such detailed and informative ones.

During my father's extremely active professional, academic and social life, he met many people and had a very good bond with them. I am certain that we have not been able to contact all of these people to request them to write their views, stories or experiences they shared with my father. Along with my editorial team and family members, I truly and sincerely apologise to these people, for there are many whom we have not been able to include in this volume.

Another apology is due to those who have contributed their views in the form of articles because owing to space constraints, and as per our editors Shri Kumarpalbhai Desai and Shri Daksheshbhai Pathak and the team from the college, a few repeated views and write-ups have been edited and made into shorter versions. Moreover, the order of these articles has also been decided by Pathak and the editorial team. We have taken utmost care to incorporate everyone's feelings towards my father, and the bottom line is that wherever his soul is when he looks at and reads these pieces together, we hope that he will be very pleased, because in these pages are some of his dearest and nearest colleagues, family members and well-wishers.

# કર્મનિષ્ઠ જીવનસૌરભ

## - પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ધરતીમાં વાવેલ બીજમાંથી ધીરે ધીરે કૂંપળ ફૂટે, પછી છોડ થઈને ઊગે, વૃક્ષ રૂપે હવામાં લહેરાય અને સમય જતાં વટવૃક્ષ બનીને એની અનેક વડવાઈઓમાં વિસ્તરે, ત્યારે એ બીજનું રોપણ કરીને વટવૃક્ષ સર્જનારા બાગબાન(માળી)ને કેટલો અપાર આનંદ થતો હશે.

આચાર્યશ્રી એમ. સી. શાહના જીવનમાં નવગુજરાત સંકુલના પ્રારંભથી જ એને વિશાળ વટવૃક્ષમાં પરિવર્તિત કરવાનો અથાગ અને અવિરત પરિશ્રમ દેખાય છે. શૂન્યમાંથી સર્જન કરનારા તો મળે, પરંતુ એ સર્જનની સાથે સાથે પોતાના સાથીઓનો સ્નેહ, સમાજનો પ્રેમ, વિદ્યાર્થીઓની ફિકર અને શિક્ષણના વ્યાપક હિતનાં કાર્યો કરનાર એમ. સી. શાહ જેવી વિરલ વ્યક્તિઓ જ હશે.

સામાન્ય પરિસ્થિતિમાં જન્મીને એમણે આજીવન કર્મયોગ કર્યો. આજે એમની વિદાયને બે બે દાયકા વીતી ગયા હોવા છતાં એમની જીવનસુવાસથી ચિત્ત મઘમઘે છે. એમાં પણ શિક્ષણ, સમાજ, સંસ્કાર, સૌહાર્દ તેમ જ સંચાલન એ એમના વ્યક્તિત્વની આગવી છટા ધરાવતી વિશિષ્ટતાઓનું સ્મરણ થાય છે.

શિક્ષણની વાત કરીએ તો એક સામાન્ય જૈન પરિવારમાંથી નોકરી કરતાં કરતાં તેઓએ એમ.કોમ.નું શિક્ષણ હાંસલ કર્યું. એ શિક્ષણ મેળવ્યા પછી એ અધ્યાપક થયા અને માત્ર બે જ વર્ષમાં સૌથી નાની વયના આચાર્ય થવાનું માન પ્રાપ્ત કર્યું. એમના અધ્યાપનના ઉષ:કાળમાં એ ગુજરાત યુનિવર્સિટીની વાણિજ્ય શાખા માટે ગુજરાતી ભાષામાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકોના લેખક તરીકે એમના સહલેખક પ્રો. સી. એમ. હકાણીની સાથે જાણીતા થયા. શાહ સાહેબને પહેલી ઓળખ મળી વિદ્યાર્થીઓને ઉપયોગી એવાં પુસ્તકોના લેખક તરીકે.




નવગુજરાત મલ્ટિકોર્ષ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટના પ્રથમ સત્ર પ્રસંગે શ્રી શિક્ષણમંત્રી કરસનદાસ સોનેરી અને ડૉ. કુમારપાળ દેસાઈ



પૂર્વ ઉપકુલપતિ શ્રી ઇશ્વરભાઇ પટેલનું સ્વાગત કરતાં શાહ સાહેબ





આઇજીપી શ્રી પાવરીને રેલવે રાહતફાળાનો ચેક અર્પણ કરવા માટેનો કાર્યક્રમ

સામાન્ય રીતે આચાર્ય બન્યા પછી અધ્યાપકની પ્રવૃત્તિ માત્ર એક જ દાયરામાં પૂર્ણવિરામ પામે છે. શાહ સાહેબે એકાઉન્ટન્સીનાં પાઠ્યપુસ્તકો લખ્યાં, પરંતુ માત્ર આવાં ઉચ્ચ કક્ષાનાં પુસ્તકો આપીને પોતાના કર્તવ્યની ઇતિશ્રી માની નહીં. પુસ્તકોને મળેલી વ્યાપક વિદ્યાર્થી-ચાહના અને એમાંથી થતી કમાણીને કારણે એવું પણ બની શક્યું હોત કે એમણે માત્ર જિંદગીભર આવાં પુસ્તકો જ લખ્યાં હોત, પરંતુ એમના ચિત્તમાં તો કેળવણીના વટવૃક્ષની કલ્પના હતી. એમણે જોયું કે વાણિજ્ય-વિદ્યાશાખા માટે બપોરના સમયે ચાલતી કૉલેજની જરૂર છે. આથી, નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલયનો પ્રારંભ કરીને એમણે સંચાલનના ક્ષેત્રે પહેલાં પગરણ માંડ્યાં. બીજી બાજુ એમને લાગ્યું કે ગ્રેજ્યુએટ થયા પછી ઘણા વિદ્યાર્થીઓને એલ.એલ.બી. કરવાની ઇચ્છા હતી. સવારે એમને માટે કાયદાની કૉલેજમાં ભણવાનું, એ મુશ્કેલ બનતું, આથી એ વિદ્યાર્થીઓનો અભ્યાસ થંભી જતો. આથી એમ. સી. શાહ સાહેબે સાયંકાલીન લૉ કૉલેજનો પ્રારંભ કર્યો. એને પરિણામે સામાન્ય ગરીબ કે નોકરિયાત વિદ્યાર્થીઓને વિશેષ અભ્યાસ કરીને તેજસ્વી કારકિર્દી ઘડવાની તક મળી.

વળી, ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમોમાં શિક્ષણ આપવાની સુવિધા ઊભી કરી આપી. એ પછી નવગુજરાત આર્ટ્સ કૉલેજનો પ્રારંભ કર્યો. એ સમયની કલ્પના કરવી આજે તો મુશ્કેલ છે. નવી-સવી કૉલેજને વિદ્યાર્થીઓ મળવા મુશ્કેલ, વળી, પ્રમાણમાં વિસ્તાર પણ એવો કે જ્યાં શિક્ષણની ભૂખ ઓછી અને એમાં પણ થોડાં વર્ષો ખોટ ખમીને પણ સંસ્થાઓ ચાલુ રાખી શકે એવું આર્થિક ભંડોળ નહીં. આમ છતાં શાહ સાહેબની ચીવટ એવી કે પોતાના કર્મચારી-અધ્યાપકોને સમયસર પગાર મળવો જ જોઈએ. એ સમયે ઘણી કૉલેજો પગારની તારીખ સાચવતી નહીં અને મોડો પગાર કરતી હતી.

એ પ્રારંભનાં વર્ષોમાં આચાર્યશ્રી એમ. સી. શાહે વિદ્યાર્થીઓ સાથે સીધો સંપર્ક સાધ્યો અને આચાર્ય તરીકે તેઓ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના હમદર્દ બની રહ્યા. સામાન્ય રીતે આચાર્યની ઑફિસમાં જતાં અધ્યાપકોને ભય લાગે, ઠપકો ખાવાની માનસિક તૈયારી સાથે જાય અને જો વિદ્યાર્થી જાય તો એના પગ ધ્રૂજતા હોય. એમ. સી. શાહની વિશેષતા એ હતી કે અધ્યાપકથી માંડીને સામાન્યમાં સામાન્ય વિદ્યાર્થી પણ એમને નિઃસંકોચ મળી શકતો. એમની મુશ્કેલી




એનએસએસ કેમ્પ સંપન્નવિધિમાં વાઇસ ચાન્સેલર શ્રી ઇશ્વરભાઇ પટેલ, પ્રિ.આઇ.જે.ભટ્ટ અને પ્રિ.પી.આર. દેસાઇ સાથે

ખૂબ શાંતિથી, નિરાંતે સાંભળતા. સામી વ્યક્તિની વાતને ખૂબ ધ્યાનથી ભાવભરી નજરે સાંભળવાની અદભુત કુશળતા એમનામાં હતી.

આને કારણે આવનારી વ્યક્તિ પોતાનું હૃદય ઠાલવી દેતી અને પછી શાહ સાહેબ એમની સૌમ્ય, સમજાવટભરી વાણીમાં એમને ઉપાય બતાવતા. જો એને ઠપકો આપવાનો હોય, તો એને પોતાનો નાનો ભાઈ હોય, એ રીતે સ્નેહપૂર્વક ઠપકો આપતા. આથી ઠપકો પામનારના મનમાં એમના પ્રત્યે કોઈ શૂળ કે ડંખ રહેતો નહીં, બલકે, એ એમને વિશેષ સ્નેહ અને આદર આપવા લાગતો.

એમની પાસે શિક્ષણના પ્રવાહોને અને એમાં આવતા નવા નવા વળાંકોને જોવાની દૃષ્ટિ હતી. આથી શિક્ષણવિષયક કોઈ પણ નવી વિચારધારાની ઉપેક્ષા કરવાને બદલે સાચા દિલથી એને સમજવાની કોશિશ કરતા અને શિક્ષણના નવા આયામો સર્જવાનો પ્રયત્ન કરતા. આથી જ કૉલેજની સ્થાપના પછીના વર્ષે એમણે કોલકાતાની ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ ઍન્ડ વર્ક્સ ઍકાઉન્ટન્ટ ઑફ ઇન્ડિયાની વિધિસર માન્યતા મેળવીને અમદાવાદમાં નવગુજરાત કોસ્ટ એકાઉન્ટિંગ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. એ સમયે કોસ્ટ એકાઉન્ટન્ટ થવા માટે કોઈ સંસ્થા અમદાવાદમાં તો શું, પણ સમગ્ર ગુજરાતમાં નહોતી. આથી, એને માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ સાંપડતી નહોતી. તેથી શાહ સાહેબે આ પ્રકારની નવી, આગવી સંસ્થા સ્થાપી. સંસ્થા સ્થાપીને કોઈને સોંપીને તેઓ બેસી રહેતા નહોતા, બલકે એકેએક સંસ્થાની ગતિવિધિ પર પોતાની નજર રાખતા. નવગુજરાત સંકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે, અધ્યાપકો સાથે વાત કરે, વિદાય સમારંભ કે અન્ય કાર્યક્રમોના સમયે એવો આગ્રહ રાખે કે વિદ્યાર્થીઓ એમને અભ્યાસમાં પડેલી મુશ્કેલીઓની વાત કરે અને આ માટે કૉલેજે શું કરવું જોઈએ એનાં સૂચનો આપે. શાહ સાહેબની આ 'માસ્ટર-કી' હતી અને તેના દ્વારા તેઓ શિક્ષણસંસ્થાની ગતિવિધિઓનો ખ્યાલ મેળવી લેતા હતા.

શિક્ષણ પછી એમની બીજી દૃષ્ટિ સમાજ તરફ હતી. અમેરિકાના પ્રવાસ દરમિયાન એમણે અમેરિકાની જુદી જુદી કૉલેજોની મુલાકાત લીધી.



શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, પ્રો. ધર્મેન્દ્ર ઝાલા, પ્રો. સી. એચ. મહેતા



ગુજરાતના મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ સરદાર પટેલ
જન્મશતાબ્દી પ્રસંગે કૉલેજમાં



ગુજરાતના મુખ્યમંત્રી માનનીય શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ

આ મુલાકાતને પરિણામે એમણે જોયું કે વિદ્યાર્થીઓને ડિગ્રીના શિક્ષણ ઉપરાંત પોતાના રસનાં અન્ય ક્ષેત્રોમાં આગળ વધવાની પુષ્કળ તકો રહેલી છે. વિદ્યાર્થીઓ મનપસંદ ક્ષેત્રમાં સજ્જતા અને નિપુણતા કેળવે તે માટે ઈ.સ. 1978માં એમણે વ્યક્તિત્વ-વિકાસ માટે અને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે નવગુજરાત મલ્ટિકોર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી અને તેનું સુકાન કુશળ વહીવટકાર અને વિદ્વાન ડૉ. ચંદ્રકાન્ત મહેતાને સોંપ્યું.

આ સંસ્થા હોમલાઇફ ઍન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ ફૉર લેડિઝ, પત્રકારત્વ, કોમ્પ્યુટર, રેડિયો રિપેરિંગ, ટી.વી. રિપેરિંગ, ટાઇપ ઍન્ડ શૉર્ટહેન્ડ, દેશીનામું, માર્કેટિંગ મૅનેજમેન્ટ, ઇન્ટિરિયર ડેકોરેશન, ફોટોગ્રાફી જેવા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોનું શિક્ષણ મેળવવા માટેનું એક મહત્વનું સ્થાન બન્યું છે. આ સંસ્થામાં એ પછી નાયબ નિયામક તરીકે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ પણ કાર્યરત હતા.

આ સંસ્થામાંથી અભ્યાસ કરીને જેમ યુવતીઓ અને ગૃહિણીઓએ પોતાના વ્યક્તિત્વવિકાસનો માર્ગ કંડાર્યો, એ જ રીતે કમ્પ્યુટર, પત્રકારત્વ, ફોટોગ્રાફી, ઇન્ટિરિયર ડેકોરેશન જેવા અભ્યાસક્રમો દ્વારા આ સંસ્થાએ સમાજને આ ક્ષેત્રમાં ઘણા તેજસ્વી નિષ્ણાતોની ભેટ ધરી. આ રીતે તેઓ અમેરિકામાં જોયેલી એક શિક્ષણની તરાહને નવગુજરાત સંકુલમાં લઈ આવ્યા.

આજે 'વાંચે ગુજરાત'ની વાત ચાલે છે, પરંતુ છેક 1987માં 'નવગુજરાત પબ્લિકેશન'ની સ્થાપના કરીને સમાજને શિસ્ત અને જીવનલક્ષી સાહિત્ય પ્રાપ્ત થાય અને આવનારી પેઢીનું ચારિત્ર્યઘડતર થાય તેવું સાહિત્ય માતૃભાષામાં વાજબી કિંમતે આપવાનો એમણે વિચાર કર્યો. એનાં પુસ્તકોની પસંદગીમાં શાહ સાહેબ ઊંડો રસ લેતા. કોઈ સર્જક કે વિદ્વાનને મળે તો એના ક્ષેત્રની માહિતી મેળવતા અને પછી એમને એ વિષયનું પુસ્તક લખવાનું નિમંત્રણ આપતા. એ જ એમ. સી. શાહ સ્વામી સચ્ચિદાનંદજીની પાસેથી ધર્મપુસ્તક મેળવે છે અને પ્રા. બબાભાઈ પટેલને જે. કૃષ્ણમૂર્તિ વિશે પુસ્તક લખવાનું કહે છે. કવિ હરીન્દ્ર દવેના કાવ્યાસ્વાદનું અને લાભશંકર ઠાકર (પુનર્વસુ) પાસે આયુર્વેદના અનુભવોનું પુસ્તક લખાવે છે. આમ પુસ્તક આપતાં પહેલાં આ પ્રવૃત્તિ સંભાળતા મારી સાથે તેઓ લાંબી ચર્ચા કરતા. પછી કોને કયું પુસ્તક આપવું તે નક્કી કરતા, એટલું જ નહીં, એ પુસ્તકને અંગે લેખક પાસે સતત ઉઘરાણી પણ કરતા.

નવગુજરાત પબ્લિકેશનની એ પ્રકાશન પ્રવૃત્તિ અંગે વિચારીએ તો એનો પ્રારંભ લોકપ્રિય પૂ. સ્વામી

સચ્ચિદાનંદજીની ક્રાંતિકારી કલમે લખાયેલા 'ધર્મ' પુસ્તકથી થયો. તે પછી પ્રા. બબાભાઈ પટેલ સંપાદિત 'જે. કૃષ્ણમૂર્તિઃ જીવન અને દર્શન' પ્રકાશિત થયું. આ પ્રકાશનોમાં પ્રા. શ્રી અમૃતલાલ યાજ્ઞિકનું હૃદયસ્પર્શી અનુભવો આલેખતું 'જીવન વસંતનો ટહુકાર', હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેની ચિંતનપ્રતિભા પ્રગટાવતું 'ભક્તિયોગ અને ધર્મચિંતન'. જાણીતા કવિ હરીન્દ્ર દવેનું કાવ્યમાધુર્યનો આસ્વાદ કરાવતું 'કાવ્યસંગ', શ્રી લાભશંકર ઠાકર (પુનર્વસુ)ના આયુર્વેદના અનુભવો આલેખતું 'આયુર્વેદની અમૃતધારા', શ્રીમતી મંગળા ગોડબોલે અને શ્રીમતી વૈજયંતી ખાનવિલકરના મરાઠી પુસ્તકનો શ્રી હીરાલાલ શાહ અને શ્રી પારુલ વકીલે કરેલો અનુવાદ 'તરુણાઃ યૌવનને ઉંબરે', શ્રીમતી હર્ષિદા પંડિતલિખિત 'ભારતપ્રેમી વિદેશિનીઓ' જેવાં ઉચ્ચ કક્ષાનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. આ તમામ પુસ્તકોને વાચકોનો સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

એમની ત્રીજી વિશેષતા એ સંચાલનની. કોઈ પણ કામ હાથ ઉપર લે એટલે એમાં ઊંડા ખૂંપી જાય. એમણે સંસ્કૃતના અધ્યાપકો પાસેથી નવગુજરાત કૉલેજના સિમ્બોલ માટે 'અભી પ્રજ્ઞાતં ઓજસા' એવો મંત્ર મેળવ્યો. મનમાં થયું કે આ મંત્ર લખવાથી કામ નહીં સરે. એનો અર્થ અને એનું વિવરણ પણ લખવું જોઈએ. એનું છટાદાર શૈલીમાં વિવરણ લખવા માટે તેઓ સર્જક 'જયભિખ્ખુ' પાસે આવ્યા અને એમની પાસે એ મંત્રનું છટાદાર શૈલીમાં સચોટ વિવરણ લખાવ્યું.

નવગુજરાતનાં પ્રારંભનાં વર્ષોમાં એમની સાથે સ્કૂટર પર બેસીને લેખકો કે શિક્ષણવિદોને મળવા જતા હતા. આ બધા સમયે એમની એક જ રઢ કે કઈ રીતે નવગુજરાતને વિકાસયાત્રાના માર્ગે સતત આગળ ધપાવતો રહું. કૉલેજો સ્થાપી, પણ સાથોસાથ આર્થિક રીતે મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓની પણ તેઓ સતત ચિંતા સેવતા. વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપતા, તેજસ્વી વિદ્યાર્થીને સ્કૉલરશિપ આપતા અને એથીય એક ડગલું આગળ વધીને આજે નવગુજરાત ટ્રસ્ટ દ્વારા કૉલેજમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીને એમ.એ., એમ.કોમ., કોસ્ટ ઍકાઉન્ટિંગ, કમ્પ્યુટર, સોશિયલ વર્ક, સી.એ.ના અભ્યાસ દરમિયાન સંસ્થા દ્વારા શક્ય તેટલી સહાય કરવામાં આવે છે.

શાહ સાહેબ ઈતર પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન આપતા. એમાં પણ એ સમયે નવગુજરાત કૉલેજના રસોત્સવમાં પ્રસ્તુત થતી નૃત્યનાટિકા (બેલે) અમદાવાદમાં આગવી લોકપ્રિયતા ધરાવતી હતી.





હિન્દી ફિલ્મના જાણીતા અભિનેતા બલરાજ સહાની અને મિત્ર પ્રિ. ઘનશ્યામભાઈ પરીખ સાથે કૉલેજ કૅમ્પસમાં



યુ.એસ.એ. મિનિસ્ટર ડૉ. જ્હોન પી. લુઇસ કૉલેજની મુલાકતે



અમેરિકન યુવકો કોલેજની મુલાકાતે



યુ.એસ.એ. મિનિસ્ટર ડૉ. જ્હોન પી. લુઇસ સાથે શાહ સાહેબ અને શ્રીમતી હસુમતીબેન

સૅનેટ, ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના સભ્ય તરીકે તથા યુનિવર્સિટી આચાર્યમંડળમાં પણ તેઓ લોકપ્રિય હતા.

સૌહાર્દની એ મૂર્તિ. જેટલા કુટુંબપ્રેમી એટલા જ સંસ્થાપ્રેમી. એમને કોઈ મળવા આવે ત્યારે એના પ્રત્યેના સંબોધનમાં એમનો પહેલો શબ્દ હોય 'જો ભાઈ', એથી તો નવગુજરાત સંકુલમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં એઓ 'મોટા ભાઈ' તરીકે જાણીતા હતા. ઉસ્માનપુરા તારાબાઈ સિદ્ધાંતશાળાની સ્થાપનામાં અગ્રણી ભાગ ભજવ્યો. સાધુ-સાધ્વીઓને અભ્યાસની અનુકૂળતા મળી રહે તેવું સ્થાન અને મોટી સંખ્યામાં પુસ્તકો ધરાવતું ગ્રંથાલય તૈયાર કર્યું. તો જૈન ધર્મ પાસેથી સહિષ્ણુતા, અનુમોદના અને મુદિતા પામ્યા હતા. પોતાનાથી કોઈનેય મન, વચન અને કાયાથી દુઃખ ન થાય તેની સતત જાગૃતિ રાખતા. પશુચિકિત્સા, નેત્રશિબિર અને રક્તદાનની પ્રવૃત્તિમાં એટલો જ ઊંડો રસ લેતા. ગુસ્સે થનાર સામે હંમેશાં સહિષ્ણુતા દાખવતા, કોઈ પણ સારું કાર્ય થાય કે કોઈ મહત્વની સિદ્ધિ મેળવે તો એની અનુમોદના કરતા. મારા કોઈ પુસ્તકને રાષ્ટ્રીય કે રાજ્યકક્ષાનું પારિતોષિક મળે તો એનો પણ સમારંભ યોજતા અને અધ્યાપકો વિદેશ જતા હોય તો પણ એમનો શુભેચ્છા સમારંભ કરતા. પીએચ. ડી. થાય તેના સારસ્વત-પુરુષાર્થનો મહિમા કરતા.

આમ, અનુમોદના એટલે બીજાની સિદ્ધિ વિશેનો અહોભાવ એમનામાં ભારોભાર જોવા મળતો. વળી, કૉલેજમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ તરફ એમને સાહજિક આત્મીયતા હતી. આથી કૉલેજના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીઓની અધ્યાપક તરીકે પસંદગી



વિદેશી મહેમાનો, ઉપકુલપતિ શ્રી ઉમાશંકર જોષી અને શાહ સાહેબ



ડૉ. જ્હોન પી. લુઇસ સાથે

કરવાનું વલણ ધરાવતા હતા. કૉલેજના જ પચીસ જેટલા વિદ્યાર્થીઓએ કૉલેજમાં અધ્યાપક તરીકે કામગીરી બજાવી છે, તે કોઈ નાનીસૂની વાત નથી.

એમની પાંચમી બાબત હતી તે સંસ્કાર. નવગુજરાતમાં શિક્ષણકાર્યનો પ્રારંભ પ્રાર્થનાથી થતો. થોડું ઉદબોધન પણ ખરું. કર્મચારી કે અધ્યાપકને ઘરે અણધારી આફત આવે તો પરિવારના સ્વજનની માફક શાહ સાહેબ પહેલેથી છેલ્લે સુધી સાથે રહે. કોઈનું અવસાન થાય તો એના કુટુંબના નિર્વાહની ચિંતા કરતા અને યોગ્ય મદદ પણ પહોંચાડતા.

આમ શિક્ષણ, સમાજ, સંચાલન, સૌહાર્દ અને સંસ્કારનો સરવાળો એટલે આચાર્યશ્રી એમ. સી. શાહનું કર્મનિષ્ઠ જીવન. એ જીવનને શબ્દાંજલિ આપીએ ગની દહીંવાલાના આ શેરથી:

જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે 'ગની',
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.



ડૉ. જ્હોન પી. લુઇસની પાછળ પાયાના ટ્રસ્ટી શ્રી ચંપકલાલ શાહ અને અન્ય મહાનુભાવો

# શિક્ષણનો કીર્તિસ્તંભ
## - શ્રી ચન્દ્રકાંત મહેતા

૧૭મી મે ૧૯૬૬, મારી જિંદગીનો યાદગાર દિવસ. તે દિવસે મારું લગ્ન થયેલું અને તે દિવસે સાંજે 6:00 વાગ્યે નવગુજરાત આર્ટ્સ કૉલેજમાં હિન્દીના પાર્ટટાઇમ અધ્યાપક તરીકે મારી નિયુક્તિ થયાનો એમ. સી. શાહ સાહેબની સહી સાથેનો પત્ર મળેલો, સાથે સંદેશો પણ મળ્યો. - ઍડ્મિશન કમિટીના કામ માટે આવતી કાલથી કૉલેજમાં હાજર થવું.

દામ્પત્યજીવનની શરૂઆત અને કારકિર્દીની ઉજ્જ્વળ તક વચ્ચેનું માનસિક દ્વંદ્વ 'જીવન કે દો પહલૂ હૈં, હરિયાળી ઔર રાસ્તા!'' લગ્ન પછી ફરવા જવાનો મોહ છોડી મેં કર્તવ્યને મહત્વ આપ્યું અને બીજે દિવસે નવગુજરાત કૉલેજમાં હાજર થયો. પ્રો. સુરેશભાઈ શાહ, પ્રો. ત્રિલોકભાઈ પરીખ, પ્રો. જયરામભાઈ પટેલ વગેરેનો પરિચય થયો.

1964-66 દરમિયાન હું બનાસકાંઠા આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક હતો. લગ્ન પછી અમદાવાદમાં સ્થિર થવું હતું. (પાલનપુર) બનાસકાંઠા કૉલેજમાં મન મૂકીને કામ કરેલું, એનાથી પ્રસન્ન થઈ તે કૉલેજના આચાર્ય નટુભાઈ યાજ્ઞિક સાહેબે ટૂંકી ને ટચ ચિઠ્ઠી માનનીય એમ.સી. શાહ પર લખી આપેલીઃ "એક નીવડેલા અધ્યાપક ચંદ્રકાન્ત મહેતાને તમારી પાસે મોકલું છું 'ના' ન કહેતા."

શાહ સાહેબનો એક અસાધારણ ગુણ તે માણસને પારખવાની શક્તિ. પાલનપુર કૉલેજમાં મેં શું - શું પ્રવૃત્તિ કરી હતી, તેની માહિતી મેળવી મને કહ્યું "તમને પાર્ટટાઇમ નિમણૂક આપીશ. પગાર રૂ. 135=00 એકસો પાંત્રીસ. નિમણૂકપત્ર મળે હાજર થઈ જજો." ત્યારે મુ. શાહ સાહેબને ખબર નહોતી કે એમણે મોકલેલ નિમણૂકપત્ર અને મારા લગ્નની કંકોતરી એક જ દિવસે હશે અને એમની જ કૉલેજની વિદ્યાર્થિની મંજુલા જોશી, શ્રીમતી મંજુલા સી. મહેતા બનશે.

18/05/1966થી મેં નવગુજરાત કૉલેજની પ્રવેશ કમિટીમાં કામ શરૂ કર્યું. સવારના 8થી સાંજના 5 વાગ્યા સુધી પ્રવેશકાર્ય ચાલે. મારી જેમ શ્રી અંબુભાઈ દેસાઈ પણ કાર્યાલય સેવા માટે પસંદ થયેલા. અમે બંને વારાફરતી ઘેરથી ટિફિન લાવીએ અને હોંશે-હોંશે બપોરે ઉદરતૃપ્તિ કરીએ.

કમિટી મેમ્બર્સ પણ પોતપોતાની રીતે ઘેર જમવા જાય અને પાછા આવી જાય. શાહ સાહેબ પોતે પણ 12થી 1ની વચ્ચે બપોરે જમવા જાય અને 3 વાગ્યાની આસપાસ પાછા આવી જાય.

એક વાર એવું બન્યું કે તેઓ સાડા ત્રણને બદલે ત્રણ વાગ્યે કૉલેજ પર આવ્યા. બધા પ્રોફેસર જમવા ગયેલા અને હું એકલપંડે પ્રવેશકાર્ય ચલાવું. શાહ સાહેબે એ દૃશ્ય જોઈ મને તેમની ચેમ્બરમાં બોલાવ્યો અને બધા ક્યાં ગયા છે, એની પૂછપરછ કરી. મને ચાડીચૂગલીમાં રસ નહીં એટલે મેં કહ્યું કે જમવા ગયા છે અને સાડા ત્રણ વાગ્યા સુધીમાં આવી જશે.

એમણે પૂછ્યું "તમે ક્યાં જમો છો?" મેં કહ્યુંઃ "હું અને ઑફિસના શ્રી અંબુભાઈ દેસાઈ ટિફિન લાવીએ છીએ અને સાથે જમીએ છીએ."

એમણે મારા કુટુંબ વિશે પૂછ્યું અને બે દિવસ પહેલાં જ મારું લગ્ન થયું છે એની એમને જાણ કરી.

એમને લાગેલો આઘાત એમના ચહેરા પર તરી આવતો હતોઃ બાપ રે ! મેં ખોટું કર્યું ! તમારી જગાએ બીજો કોઈ હોત તો ફરવા જવાનું બહાનું કાઢી દસ દિવસ પછી હાજર થાત! તમારી નિષ્ઠાની હું કદર કરું છું અને તા 15/06/66થી તમને ફુલટાઇમ કરું છું, પગાર રૂ. 270/= બસો સિત્તેર.

મેં તેમને વંદન કર્યાં, આભાર માન્યો, કારણ કે હિન્દીના આર્ટ્સ-કૉમર્સમાં થઈને કુલ ૭ પિરિયડ હતા અને છતાં શાહ સાહેબે મને પૂર્ણ સમયનો વ્યાખ્યાતા બનાવ્યો. શાહ સાહેબની એ હતી કદરદાની, પારકાને પોતાનો બનાવી લેવાની દીર્ઘદૃષ્ટિ! હિન્દી સાથે જનરલ ઍજ્યુકેશનની મુખ્ય જવાબદારી સોંપાતાં દિવાળીએ 1400થી પણ વધુ ઉત્તરવહીઓ તપાસવાની જવાબદારી મળી! પછી તો પ્રવેશ કમિટી ઉપરાંત મનોરંજન કમિટી, સ્ટુડન્ટ્સ, રિલેશન કમિટી



કૉલેજના જ્ઞાનસત્રમાં પ્રો. મધુસૂદન પારેખ, વિનોદ ભટ્ટ, ડૉ. ચન્દ્રકાન્ત મહેતા તેમજ પ્રો. આઇ.જે. ભટ્ટ




પૂ. શ્રી રવિશંકર મહારાજ અને શ્રી ફાધર વાલેસ કૉલેજના કાર્યક્રમમાં





પ્રો. જિતેન્દ્ર ધોળકિયા અને ડૉ. પી.સી. વૈદ્ય કૉલેજના જ્ઞાનસત્રમાં

અને પાછળથી પ્રો. એસ.બી. પટેલની ઇચ્છાથી પરીક્ષા કમિટીનું કામ મને સોંપાયું.

પ્રવેશનું કામ પંદરવીસ દિવસ ચાલતું પણ પરીક્ષા કમિટીના સભ્યોએ નથી કોઈ દિવસ નાસ્તાખર્ચની માગણી કરી કે નથી કન્વેયન્સ ખર્ચ કે મજરે રજાઓની માગણી! તે વખતનું નવગુજરાતનું વાતાવરણ! ભાઈ વાહ! 'સૂરત સે, સિરત સે, તબીઅત સે, મિજાજ સે, નવગુજરાત અર્થાત્ નવગુજરાત! પ્રિ. ડૉ. આઈ. જે. ભટ્ટ સાહેબ, પ્રિ. મોહનભાઈ પટેલ, પ્રિ. પી.આર. દેસાઈ, પ્રિ. આર. એ. ત્રિવેદી બધાનું સ્મરણ! નવગુજરાતનો હું ઋણી છું કે મિત્ર સ્વરૂપે મને બે ભાઈઓ મળ્યા: પ્રો. ધર્મેન્દ્ર ઝાલા અને પ્રો. જયરામભાઈ પટેલ. પ્રો. એમ.સી. કારિયા, પ્રો. એસ.બી. પટેલ જેવા મિત્રોની હૂંફ મળી! નવગુજરાત એક બૃહદ્ પરિવાર! એની ચારેય કૉલેજો માળાના મણકાની જેમ પરસ્પર પરોવાયેલી. આ જ કૉલેજે મને આદરણીય શ્રી નરહરિભાઈ અમીન જેવા શુભચિંતક આપ્યા અને નાના ભાઈની પણ ગરજ સારે એવા સ્વ. દત્તેશ ત્રિવેદી અને શ્રી લલિત શાહ, શ્રી બાલુભાઈ (ડાહ્યાભાઈ) શાહ અને શ્રી અજય શાહ અડધી રાતના હોંકારા!

શ્રીયુત મુકેશભાઈ એમ. શાહ, શ્રી સ્નેહલભાઈ શાહ અને પ્રીતિબેન શાહને હિન્દી ભણાવવાનો મને મોકો મળ્યો એ સુખદ અનુભવ છે. બંને ભાઈઓમાં પારાવાર જિજ્ઞાસા! હસતાં હસતાં અમે કવિતા કે પાઠની ચર્ચા કરીએ. શ્રી સ્નેહલભાઈને પત્રલેખનમાં ખૂબ જ રસ. વૅકેશનમાં શાહ સાહેબનું સમગ્ર કુટુંબ જવાનું હતું. ભાઈ સ્નેહલે કહ્યું "અમે માઉન્ટ આબુ હોટેલ 'બિકાનેર હાઉસ'માં ઊતરવાના છીએ. મને એક સરસ પત્ર લખજો." મેં તેમને નમૂનારૂપ પત્ર લખ્યો અને તેમણે તે પત્રને સાચવી રાખ્યાનું આજેય તેઓ વાગોળે છે.

બહેન પ્રીતિનાં લગ્નનાં અણીશુદ્ધ મંગલાષ્ટકો, અને તે પણ કુટુંબનાં બધાં જ સ્વજનોનાં નામ આવે તેવાં, બનાવવાનું શાહ સાહેબે કામ મને સોંપ્યું. મુ. શ્રી નવનીતભાઈ ચોક્સી સંસ્કૃતના પ્રખર વિદ્વાન પ્રો. એ.જી. ભટ્ટના અનન્ય ચાહક. મંગલાષ્ટક તેઓ વખાણે તેવાં બનવાં જોઈએ. અને મેં પૂરી સાધનાથી મંગલાષ્ટક બનાવ્યાં, જેની આરંભિક પંક્તિઓ હતી.-

"શીળી ગ્રીષ્મ હજો, હૂંફાળી શરદો, વર્ષા વસંતો સમી, ને ઉના ભવ વાયરા યુગલને વાયે કદાપિ નહીં."

મંગલાષ્ટક પ્રો. ત્રિલોકભાઈ પરીખે સુંદર રીતે છાપ્યાં અને જાન આવતાં જ તેની નકલ પ્રો. એ. જી. ભટ્ટ સાહેબના હાથમાં મૂકી. હું પોતે પણ એ.જી. ભટ્ટ સાહેબનો શિષ્ય. એમણે મારી પીઠ થાબડતાં કહ્યું. "આ તો નરી કવિતા છે. શાબાશ! ભાઈ ચંદ્રકાન્ત." મને




કૉલેજના કાર્યક્રમમાં શ્રી નવીનચંદ્ર બારોટ સાથે પ્રિ.પી.આર.દેસાઇ




પ્રો.એમ.એમ.પટેલ અને પ્રો.સી.એચ.મહેતા કોલેજમાં ફોરેન ડેલીગેશન સાથે

મળેલાં અનેક ચંદ્રકો–પારિતોષિકોમાં મારા ગુરુ એ. જી. ભટ્ટની શાબાશીને હું સૌથી વધુ મહત્ત્વ આપું છું.

નાટક મારા રસનો વિષય. એમાંય નવગુજરાતની નૃત્યનાટિકાઓ અને નાટકોના ટાઉનહૉલમાં 6 જેટલા શો થાય. રાણકદેવી, જેસલ-તોરલ, રાગેશ્વરી જેવા બેલે પ્રેક્ષકોનાં દિલ જીતી લે. સ્નેહીશ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શ્રી રાસબિહારી દેસાઈ, વિભાબેન દેસાઈ, સુરેશભાઈ જાની, ઉમાબેન ઓઝા એ બધાંની સાથે કામ કરવાનો આનંદપ્રદ મોકો જિંદગીનું મોંઘેરું સંભારણું છે. રાગેશ્વરી નૃત્યનાટિકા ભજવાઈ ત્યારે હું નવગુજરાતનો કાર્યકારી આચાર્ય હતો. રાગેશ્વરીના સંવાદ ગદ્યાત્મક વધુ હતા. મેં એનું 'કપલેટ'માં રૂપાંતર કર્યું. ગૌરાંગભાઈ ખુશ થઈ ગયા. રાગેશ્વરી નૃત્યનાટિકા પ્રકાશિત કરવાની એમણે મને છૂટ આપી છે.

નાટકની જેમ યૂથ ફેસ્ટિવલનાં નાટકોમાં પણ નવગુજરાતનો સિક્કો. પ્રસિદ્ધ કલાકાર શ્રી અરવિંદ વૈદ્ય 'પેન્સિલની કબર અને મીણબત્તી' નાટક યૂથ ફેસ્ટિવલમાં પ્રથમ આવ્યું હતું. નાટ્ય દિગ્દર્શનમાં શ્રી રમેશ ભટ્ટ(આકાશવાણી) અને ભાઈ મનસુરીનો અમને સહયોગ સાંપડતો, નૃત્ય દિગ્દર્શનમાં શ્રી શરદભાઈ શુક્લની અદભુત હથોટી! સમૂહ નૃત્યોમાં વિનોદભાઈ શિકારી, સૂર્યકાન્ત શિકારીનું કામ પણ કાબિલ-એ-દાદ!

મારી જિંદગીનું નોંધપાત્ર સંભારણું તે નવગુજરાત મલ્ટિકોર્સ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ. એણે મને ડૉ. કુમારપાળ દેસાઈ જેવા એક વધુ ભ્રાતા આપ્યા.

મલ્ટિકોર્સના ઉપક્રમે કૉલેજ કક્ષાએ પ્રથમ વાર વિવિધ અભ્યાસક્રમો ઘડાયા, જેને ઉષ્માભર્યો આવકાર સાંપડ્યો. 'હોમ લાઇફ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ ફોર લેડિઝ' પ્રથમ વાર રજૂ થયો. પ્રથમ બેચમાં જ 120 બહેનો. પ્રવેશબંધ. પ્રવેશ માટે મુ. શ્રી માધવસિંહભાઈ સોલંકીની ચિઠ્ઠી લાવવી પડે એ એનું જમા પાસું. પત્રકારત્વ, કમ્પ્યુટર અને એસ્ટ્રોલૉજીના વર્ગો પણ એટલા જ વખણાયા. એનું મોરપીંછ એટલે ગુજરાત યુનિવર્સિટી સેનેટ હૉલમાં યોજાતો અમારો પદવીદાન સમારંભ, અતિથિ અધ્યાપકોનું બહુમાન અને વિદ્યાર્થીઓને મેડલ્સ એનાયતવિધિ. સમગ્ર ગુજરાતમાંથી અભિનંદન-વર્ષા. એ અભ્યાસક્રમો ચાલુ રહ્યા હોત તો નવગુજરાતને ડીમ્ડ યુનિવર્સિટી બનાવવાનું મારું સ્વપ્ન પૂરું થાત અને મુ. શાહ સાહેબની પ્રલંબ સિંડિકેટ મેમ્બર તરીકેની કીર્તિમાં ચાર ચાંદ લાગત.

અને 1990માં હું મારી માતા નવગુજરાતની ગોદથી વિખૂટો પડ્યો. પત્રકારત્વ વિભાગના વડા તરીકે મારી ગુજરાત યુનિવર્સિટી ભાષાભવનમાં નિમણૂક થઈ અને એ પછી 4 વર્ષે 1 ઓગસ્ટ 1994માં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે મારી પસંદગી થઈ. સ્વ. એન.વી. વસાણી સાથે કામ કરવાનો મોકો મળ્યો. તેઓ 'નિરમા'માં જોડાતાં એક વર્ષ માટે કાર્યકારી કુલપતિ અને ઉપકુલપતિ તરીકેની બેવડી જવાબદારી મારે શિરે આવી. શાહ સાહેબની હૂંફ મારી સાથે રહી. શ્રી સુધીરભાઈ નાણાવટી,



પ્રિ. વાડીભાઈ પટેલ તથા પ્રો. તુષાર પુરાણીનો અનન્ય સહકાર. મન અને હૃદય સ્મરણોથી ભીનું છે. "ક્યા ભૂલું ક્યા યાદ કરું મૈં"-ની સ્થિતિ છે.

નવગુજરાતે મને વત્સલ વિદ્યાર્થીઓ આપ્યા છે, જેમણે મારી પુત્ર તરીકે અનન્ય સેવા કરી છે. સ્વ. જનક જાની, સ્વ. જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ, શ્રી રમેશ જોશી, શ્રી પુલક ત્રિવેદી અને સદા સર્વદા મારી સેવામાં હાજર ભાઈ કિશોર ઘટાડ તથા તેમના સાથીઓ શ્રી ગુણવંતભાઈ પટેલ અને એસ.બી.આઈ. કર્મચારી યુનિયનના પ્રમુખ શ્રી સુબામિયાં કાદરી એમનો પ્રેમ મારે માટે મોંઘેરી મૂડી છે.

અને છેલ્લે એક સંસ્મરણ સાથે મારી વાત પૂરી કરું. 1997નું વર્ષ. મુ. એમ.સી. શાહ સાહેબે V.C તરીકે મને મળવાનો સાંજે 4-00 વાગ્યાનો સમય માગ્યો. મેં ચારને બદલે 5-00નો સમય સૂચવ્યો એટલે એમને એમ લાગ્યું હશે કે મારામાં અભિમાન આવી ગયું, પણ મારો એની પાછળ શુભાશય એ હતો કે મુ. શાહ સાહેબ, જે વિદ્યાભવન ટ્રસ્ટે મને માત્ર 9 પિરિયડ માટે ફુલટાઇમ નોકરી આપી એના મૅનેજિંગ ટ્રસ્ટી મને મળવા આવી રહ્યા છે, એટલે એમનું માન સચવાવું જોઈએ અને મારી સાથે વાત કરવાનું એકાંત પણ સચવાવું જોઈએ.

તેઓ બરાબર પાંચ વાગ્યે આવ્યા. મારા પી.એ.એ એમને 'પ્રોટોકોલ'ના બહાને સીધા જ મારી V.C. ની ચેમ્બરમાં આવતા રોક્યા, એ બંનેની વાતચીત સાંભળી હું જાતે જ મારા વહાલસોયા એમ.સી. શાહ સાહેબને આવકારવા બહાર આવ્યો. પી.એ.ને ઠપકો આપ્યો અને પૂરતા આદર સાથે મારી ચેમ્બરમાં એમને લઈ ગયો. એમને પ્રણામ કર્યા. ચા-પાણી કરાવ્યાં.

કામ પ્રો. એસ.ડી. ત્રિવેદીને પ્રિન્સિપાલશિપના ઇન્ટવ્યુ સંદર્ભે યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓનાં નામ આપવાનું હતું. એમના આવતાં અગાઉ મને કૉલેજે લખેલા પત્રાનુસાર મેં બે નામ સાથેનું કવર તૈયાર રાખ્યું હતું. એ નામો એમની અપેક્ષા કરતાં જુદાં હતાં, પણ તેની પાછળનું રહસ્ય મેં સમજાવ્યું ત્યારે એમણે મારી તટસ્થતાની કદર કરી. મેં તરત જ નામવાળું કવર તેમના હાથમાં મૂક્યું, ત્યારે તેમણે કહ્યું: "ભાઈ ચંદ્રકાંત, કામ કરવાની કુનેહ અને ઝડપ તમારી અકબંધ છે. મને કલ્પના પણ નહોતી કે મને તરત જ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓનાં નામો મળી જશે."

પૂ. શાહ સાહેબના અવસાનના સમાચાર મારે માટે આઘાતજનક હતા. માત્ર બેસણામાં જવાથી મને સંતોષ ન થયો, તેથી હું અને મારાં શ્રીમતીજી મંજુબેન બીજે દિવસે રાત્રે મુ. હસુબેનને મળવા ગયાં. તેમની સાથે શ્રી મુકેશભાઈ અને બાલુભાઈ (ડી.એન. શાહ) હાજર હતા. હસુબેને યુનિવર્સિટી ખાતેની અમારી મુલાકાતનું વર્ણન કરતાં મને કહ્યું કે "મારા ચન્દ્રકાન્ત V.C. હોવા છતાં મને આવકારવા ચેમ્બરમાંથી બહાર આવ્યા, મારા ચંદ્રકાંતે મને પ્રણામ કર્યા અને એક જ મિનિટમાં મારું કામ પતાવી દીધું." મને તેમની સેવાનો અંતિમ મોકો મળ્યો એ મારું સદભાગ્ય હતું.

મુ. શાહ સાહેબનો પરિવાર આજે પણ મારી સાથે ઉષ્માભર્યા સંબંધો રાખે છે. મારા જન્મદિને કે પારિતોષિક/સન્માનપ્રાપ્તિના સમાચાર જાણી ડૉ. રમેશભાઈ શાહ મને અચૂક ફોન કરી બિરદાવે. શ્રી મુકેશભાઈ તથા સ્નેહલભાઈ શાહ આજે પણ મને મુરબ્બી માને છે. નવગુજરાત નિવૃત્ત સ્ટાફ ફોરમ મને આજે પણ સન્માનપૂર્વક પોતીકાપણાની અનુભૂતિ કરાવે છે.

આજે શાહ સાહેબ આપણી વચ્ચે નથી, પણ તેમણે સ્થાપેલી નવગુજરાત પરિવારની કૉલેજો તેમના કીર્તિસ્તંભ સમાન છે. એમણે દિવ્યલોકમાં પ્રયાણાર્થે ઉતાવળ કરી! બાકી તો રોબર્ટ ફ્રોસ્ટની પેલી પંક્તિઓ તેમને લાગુ પડત.

The Woods are lovely,  
Dark and deep,  
But I have  
Promises to keep  
And miles to go before I sleep  
And miles to go before I sleep.

પ્રભુ એ શિક્ષણપ્રેમી આત્માને ચિર શાંતિ પ્રદાન કરે. અસ્તુ.

# રેતીમાં વહાણ ચલાવનાર સંનિષ્ઠ આચાર્ય
## - શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ

મારા પિતાજી સ્વ. કસ્તૂરભાઈની કેટલીક વાતો આજે પણ મને યાદ છે. તેઓ હંમેશાં કહેતા કે જીવનમાં ગુણવાન વ્યક્તિઓ પુણ્યાદિ પુણ્યથી મળે છે. તેમના જીવનમાં તેઓ ગાંધીજી, રવિશંકર મહારાજ, સરદાર વલ્લભભાઈ પટેલ, ગણેશ વાસુદેવ માવળંકર, અમૃતલાલ હરગોવનદાસ, બી.કે. મજુમદાર, બી.વી. દોશી, ક્લાઉડ બેટલી, જે. આર. ડી. ટાટા, પાલખીવાલા જેવા લોકોને ઓળખતા હતા, અને પ્રિ. એમ. સી. શાહ સાહેબ જેવા વિવિધ ક્ષેત્રના ઘણા પ્રતિભાવાનોના નજીકના સંપર્કમાં આવ્યા હતા.

1935ના અરસામાં સરદાર વલ્લભભાઈ પટેલે ગણેશ વાસુદેવ માવળંકર, અમૃતલાલ હરગોવનદાસ અને મારા પિતાજીને કહ્યું હતું કે, "તમે ઉદ્યોગો સ્થાપવામાં સફળ નીવડ્યા છો પણ અમદાવાદમાં બ્રિટિશ સરકારે સ્થાપેલી એકમાત્ર ગુજરાત કૉલેજ છે. તમારે અમદાવાદમાં કૉલેજો સ્થાપીને તેનો શૈક્ષણિક ક્ષેત્રે પણ વિકાસ કરવો જોઈએ." ત્યાર બાદ મારા પિતાજીએ નવરંગપુરા વિસ્તારમાં દસ હજાર વાર જમીન ખરીદી હતી અને પછી 1935થી 1950ના અરસામાં અંદાજે 700 એકર જમીન ખરીદેલી. તેમાંથી




શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ નવગુજરાત કૉલેજની મુલાકાતે




શાહ સાહેબની ઓફિસે શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ



શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ સાથે ચર્ચા-વિચારણા, રૂમ નં. 10

જ PRL, IIM, H.L., M.G., L.D., ફાર્મસી વગેરે સંસ્થાઓ માટે જમીન ફાળવવામાં આવેલી.

પ્રિ. એમ. સી. શાહ સાહેબને કહેતા કે, "અમારી પાસે જમીન, મકાન અને સાધનો હોવા છતાંય તું કઈ રીતે રેતીમાં વહાણ ચલાવે છે?" અને પછી શાહ સાહેબ હસીને કહેતા, ''હું બધું તમારી પાસેથી જ શીખ્યો છું..."

મારા પિતાજીને એમ. સી. શાહ સાહેબમાં ખૂબ જ વિશ્વાસ હતો. તેથી કોઈ પણ શૈક્ષણિક બાબતને લગતા નિર્ણયો લેવાના હતા ત્યારે તેઓ અને શાહ સાહેબ સાથે મળીને બીજી કૉલેજને લગતા કોઈ પણ નિર્ણયો લેતા હતા. સરકારી કામ હોય ત્યારે એમ. સી. શાહ સાહેબ અને કસ્તૂરભાઈ એકબીજા સાથે વિચારવિનિમય કરીને રજૂઆત કરતા હતા.

કસ્તૂરભાઈ રવિશંકર મહારાજને ઘણી વાર મળવા જતા અને તેમની સાથે અમદાવાદ અને ગુજરાતના વિકાસની ચર્ચા કરતા. ત્યાર પછી જ્યારે શાહ સાહેબ મળતા ત્યારે તેમની સાથે પણ રવિશંકર મહારાજના અભિપ્રાયોની ચર્ચા કરતા.

મને એ પણ યાદ છે કે ગુજરાત યુનિ.ની સ્થાપના થયા પછી મારા પિતાજી વિક્રમ સારાભાઈને વાઇસ ચાન્સેલર બનાવવા માગતા હતા પરંતુ તેઓ વૈજ્ઞાનિક સંશોધનોમાં રોકાયેલા હોવાથી તે



સહ પ્રિન્સિપાલ આઇ.જે. ભટ્ટ, પી.આર. દેસાઈ, પ્રિ. આર.એ. ત્રિવેદી, શેઠશ્રી કસ્તૂરભાઈ સાથે

વખતે વાઇસ ચાન્સેલર તરીકે દિવેટિયા સાહેબની પસંદગી થઈ હતી. એમ. સી. શાહ સાહેબ દીર્ઘદૃષ્ટિ ધરાવતા હતા તેથી મગનભાઈ સાહેબના સમયમાં ગુજ. યુનિ.માં ગુજરાતી માધ્યમની સાથે અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની રજૂઆત એમ.સી. શાહ સાહેબે કરી હતી. તેઓ ઘણી વાર મૅનેજમેન્ટની સીટ ઉપર યુનિ.માં બિનહરીફ ચૂંટાયેલા તેનો પણ મને ખ્યાલ છે.

એમ. સી. શાહ સાહેબને પોતાને કૉલેજ પ્રત્યે ઘણો લગાવ હતો. કૉલેજના વિકાસ માટે માર્ગદર્શન મેળવવા તેમણે કસ્તૂરભાઈને પોતાની નવગુજરાત કૉલેજની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. પિતાજીએ અન્ય કોઈ કૉલેજોની મુલાકાત લીધી ન હતી પરંતુ શાહ સાહેબના સતત આગ્રહથી જ તેમણે નવગુજરાત કૉલેજની મુલાકાત લીધી હતી. નવગુજરાત કૉલેજની પ્રવૃત્તિઓ તથા વહીવટ જોઈને તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

કસ્તૂરભાઈ પોતે કોટનની પસંદગીમાં માહિર હતા. તેઓની તમામ કાપડની મિલો માટે કોટનની પસંદગી જાતે કરતા. તેઓ ટાઇમ મૅનેજમેન્ટના આગ્રહી હતા અને કદાચ એ જ તેમની સફળતાનું રહસ્ય હતું.

આજે કસ્તૂરભાઈ અને શ્રી એમ. સી. શાહ સાહેબ બંને આ દુનિયામાં સદેહે નથી પરંતુ તેમના વિચારો અને અધૂરાં સ્વપ્નો સાકાર થશે તેવી મને આશા છે.

સૌ કોઈ વિદ્યામય અને ધર્મમય બને તેવી શુભેચ્છા પાઠવું છું.

# શિક્ષણના રાજકારણીની બદીઓ સામે સતત લડ્યા

## - શ્રી શ્રેયાંસભાઈ શાહ

અર્થશાસ્ત્રના નિષ્ણાત, પ્રખર મૂલ્યાંકનકાર અને અમદાવાદ જ નહીં, સમગ્ર ગુજરાતને હાયર એજ્યુકેશન ક્ષેત્રે એક આધુનિક અને પરિણામલક્ષી દૃષ્ટિકોણ આપનાર મહેન્દ્રભાઈ મારા પિતા શાંતિભાઈને અવારનવાર મળતા. ત્યારે મને પણ એમનો વિગતે પરિચય થયો અને પછી એ મને પણ મળવા ખાસ આવતા. કોઈ પણ ક્ષેત્રમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ હોય છે. જેમાં એક પ્રકારની વ્યક્તિ એવી હોય છે જે સિસ્ટમમાં રહીને એની ખામીઓ અને રાજકારણ વિશે માત્ર બળાપો કાઢ્યા કરે અને કશું કરે નહીં. બીજી વ્યક્તિ કાં તો કંટાળીને અને ત્રાસીને સિસ્ટમ છોડી દે, જેનાથી ના તો એનું ભલું થાય કે ના તો સિસ્ટમનું ભલું થાય. ત્રીજા પ્રકારની વ્યક્તિ એવી હોય, જે પોતાનાં કોઈ જ ઉચ્ચ મૂલ્યો સાથે સહેજ પણ બાંધછોડ કર્યા વિના સિસ્ટમમાં જ રહે અને તેની બદીઓ અને રાજકારણ સામે એકલા હાથે લડે અને કોઈ પણ ભોગે એમાં વ્યાપક હિતમાં સુધારો કરાવીને જ રહે.



૨૬મી જાન્યુઆરીના શૌર્યગીતના રાષ્ટ્રગાનમાં શાહ સાહેબ અને મુખ્ય મહેમાન



ધ્વજવંદન કાર્યક્રમ



ધ્વજવંદન કાર્યક્રમ

ગુજરાતના શિક્ષણક્ષેત્રે મહેન્દ્રભાઈને હું આ ત્રીજા પ્રકારની વ્યક્તિમાં ટોચે મૂકું છું. તેઓ આ સિસ્ટમમાં જ રહ્યા અને સૅનેટમાં સતત સાચી રજૂઆતો કરીને વિદ્યાર્થીઓ અને સમગ્ર શિક્ષણજગત માટે આમૂલ પરિવર્તન લાવ્યા. જેમાં એ વખતે શિક્ષણમાં ઘૂસી ગયેલા વરવા રાજકારણ અને કહેવાતી વગદાર વ્યક્તિઓને મચક આપ્યા વિના એમણે આ કામ કરી બતાવ્યું. એમની વ્યાપક દૃષ્ટિ કસ્તૂરભાઈ લાલભાઈ અને એમની અમદાવાદ ઍજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓની લાંબી દૃષ્ટિને મળતી હતી. મહેન્દ્રભાઈ એક વ્યક્તિ તરીકે પણ અત્યંત સરળ અને નિખાલસ હોવાની સાથે સ્પષ્ટવક્તા હતા. જેમાં એમની સૌથી મોટી ખૂબી પોતાની વાતને અત્યંત સહજતાથી સમજાવવાની હતી, જેમાં અગાઉ ચર્ચામાં એમના મુદ્દા સાથે સંમત ન હોય એમને પણ એમની શૈલીને લીધે લાગે કે મહેન્દ્રભાઈ સાચા છે, કારણ કે એમનામાં ક્યારેય વ્યક્તિગત હિત છલકતું જ નહોતું. એમનો સંદર્ભ વ્યાપક જ રહ્યો હતો.

# શિક્ષણશાસ્ત્રીની સાથે આદર્શ વહીવટકર્તા
## - શ્રી સુધીરભાઈ નાણાવટી

એક સામાન્ય કુટુંબમાંથી આવતા વ્યવસાયે અધ્યાપક-આચાર્ય અને સાથે મૅનેજમેન્ટમાં સ્થાપિત થતા શ્રી એમ. સી. શાહ સાહેબની સૂઝ, ધગશ અને હિંમત ખરેખર આત્મવિશ્વાસની પ્રશંસાપાત્ર ગાથા છે. જ્યારે મૅનેજમેન્ટ દ્વારા પગાર ચૂકવતા હતા તે સમયે નવગુજરાતનું સંકુલ ઊભું કરવું તે તેમના દૃઢ વિશ્વાસનું પ્રતિબિંબ છે.

તેઓ શિક્ષણક્ષેત્રે નવગુજરાતનું સંકુલ ઊભું કરીને અટક્યા નહીં પરંતુ આચાર્ય અને મૅનેજમેન્ટ તરીકે સક્રિય રહી ગુજરાત યુનિવર્સિટીમાં સૅનેટ-સિન્ડિકેટમાં સમતુલા જાળવવાની પ્રશંસનીય કામગીરી પણ તેમણે કરી છે. પોતાના વિષયના તજજ્ઞ હોવા ઉપરાંત વહીવટમાં પણ તેઓએ આદર્શ વહીવટકર્તા તરીકેની છાપ ઊભી કરી હતી.



મને યાદ છે તે સમય જ્યારે મારા પિતાને (સદ્‌ગત આઇ.એમ. નાણાવટી) એમ. સી. શાહ સાહેબ મળવા અને કેટલાક મુદ્દાની ચર્ચા કરવા અમારે ઘરે વારંવાર આવતા અને પોતાની વહીવટની અંગત મૂંઝવણો રજૂ કરતા, અને માર્ગદર્શન મેળવતા. વર્ષો સુધી મૅનેજમેન્ટ ઍસોસિયેશનમાં જોઇન્ટ સેક્રેટરી તરીકે મારા પિતાશ્રી સાથે તેઓએ કામગીરી કરી છે. તેઓનો અમારી સાથે અંગત અને કૌટુંબિક સંબંધ હતો. બીજાની વાત ખૂબ ગંભીરતાપૂર્વક સાંભળતા અને સામે કોઈ પણ વ્યક્તિ હોય તેમને સમજાયેલું સત્ય રજૂ કરવામાં સંકોચ અનુભવતા નહીં. મેં કસ્તૂરભાઈ શેઠ જેવા કડક સ્વભાવવાળી વ્યક્તિ સાથે પણ નીડરતાથી પ્રશ્નોની રજૂઆત કરતા જોયા છે. તેઓની તે નીડરતાની છાપ આજે પણ મારા માનસ પર પડેલી છે.

સ્વભાવે માયાળુ–લાગણીશીલ હતા. તેઓ ઘણી વખત ઘરે આવે તો મારાં માતુશ્રીને કહેતા, "ગરમ ગરમ નાસ્તો બનાવો. જમવાનું બાકી છે." મારાં માતુશ્રી જોડે પણ મોકળાશથી કુટુંબની વ્યક્તિની જેમ સરળતાથી વાતચીત કરતા. તેઓ મને પણ માનથી બોલાવતા અને ઘણી વખત મારા પિતા કામમાં રોકાયેલા હોય ત્યારે મૅનેજમેન્ટની વાતો મારી સાથે પણ ચર્ચતા હતા.

મને યાદ છે મારા પિતાજીના અવસાન બાદ સી.યુ. શાહ ટ્રસ્ટના વહીવટમાં તેઓ દ્વારા અંગત સલાહ-સૂચનો મળતાં રહેતાં. અને જ્યારે હું મૅનેજમેન્ટના સભ્ય તરીકે ઉચ્ચશિક્ષણમાં યુનિવર્સિટી વહીવટી ક્ષેત્રે સક્રિય થયો ત્યારે લગભગ 1971-72માં એમ. સી. શાહે મૅનેજમેન્ટના પ્રતિનિધિની સિન્ડિકેટની બેઠક ખાલી કરી બિનહરીફ બેઠક મને આપેલી હતી અને પોતે આચાર્યની બેઠકમાં ચૂંટણી લડીને સિન્ડિકેટમાં આવ્યા હતા. તેઓએ મને સક્રિય કરવામાં અને આગળ લાવવામાં મારા માટે એક વડીલ તરીકેની ભૂમિકા ભજવી હતી. આ મારા માટેનો વિશેષ ભાવ હતો એમ હું માનું છું.

શ્રી એમ. સી. શાહ સાહેબ માટે ઘણું લખી શકાય અને બોલી શકાય. આજે જ્યારે નવગુજરાત ટ્રસ્ટ તેઓનો સ્મૃતિગ્રંથ તૈયાર કરી રહ્યું છે ત્યારે એક શિક્ષકમાંથી ઉત્તમ વહીવટકારની તેઓની યાત્રાને બિરદાવવાનું યોગ્ય કાર્ય કરી રહેલ છે તેમ હું માનું છું, જેનાથી અનેક વ્યક્તિઓને માર્ગદર્શન પ્રાપ્ત થશે.



ચીફ જસ્ટિસ શ્રી પી.એન. ભગવતી, ઉમાશંકર જોશી, પાયાના ટ્રસ્ટી શ્રી ચંપકલાલ શાહ કૉલેજની મુલાકાતે



શિક્ષણનું કાર્ય તેની પ્રક્રિયામાં જ વ્યક્તિકલ્યાણનું અને ઘડતરનું કાર્ય છે, તેમાં અનેકાનેક વ્યક્તિઓનું નાનુંમોટું પ્રદાન હોય છે. પરંતુ કોઈ એક સ્થળે-સમયે સતત-અવિરત ચાલતું આ કાર્ય સમાજ અને રાષ્ટ્રને અજાણતાં ઘડતું હોય છે. શ્રી એમ.સી. શાહ સાહેબે આ રીતે વિષયને, વિદ્યાર્થીઓને, કર્મચારીઓને અને સમાજને અને રાષ્ટ્રને ઘડવાનું કાર્ય કરી વિશેષ યોગદાન આપ્યું છે, તેમ હું વ્યક્તિગત રીતે માનું છું. આ કાર્ય જ્યાં જ્યાં સંસ્થાનો વિદ્યાર્થી હશે ત્યાં ત્યાં સુવાસ ફેલાવતું જશે.

આ કાર્યને મારી શુભેચ્છા આપી શ્રી એમ. સી. શાહ સાહેબ પ્રત્યેનો મારો સ્નેહ આદર સમર્પિત કરું છું.



# મારા તીર્થસ્થાન સમાન રહ્યા

## - શ્રીનરહરિભાઈ અમીન

બાળક માટે પહેલું કદમ માંડવાની ઘટના યાદગાર હોય છે.

વિદ્યાર્થી માટે બોર્ડની ધોરણ - 10ની પરીક્ષામાં સફળતા એક યાદગાર ઘટના છે.

યૌવન માટે હૃદયની લાગણીભીની 'ધડકન' એ સ્મરણીય ઘટના હોય છે.

અને જાહેરજીવન અને રાજકારણમાં રસ લેવા ઉત્સુક સ્વપ્નદ્રષ્ટા માટે નેતૃત્વયાત્રાનું પ્રથમ ડગલું જિંદગીની સર્વોત્તમ ઘટના હોય છે.

માતા પણ તીર્થરૂપ છે અને જ્ઞાનદાત્રી. શિક્ષણસંસ્થા પણ માણસ માટે વંદનીય તીર્થસ્થાન છે.

મારી શિક્ષણયાત્રામાં 'નવ'(નવું)નું આગવું સ્થાન છે. 'ન્યૂ' હાઈસ્કૂલ એ મારી શૈક્ષણિક યાત્રાનું પ્રથમ કદમ અને 'નવગુજરાત' કૉમર્સ કૉલેજ, એ મારી ઉચ્ચ શિક્ષણયાત્રાનું પ્રથમ ડગલું. જિંદગીનાં સાતસાત વર્ષો મેં જે કૉલેજના પ્રાંગણમાં હોંશભેર, હામભેર, ઉલ્લાસભેર અને ઉન્નતિનાં દ્વાર ખોલી



ગુજરાત યુનિ.ના કુલસચિવ શ્રી કે.સી. પરીખ અને સહાયક શિક્ષણ નિયામક શ્રી ઇન્દ્ર વસાવડા સાથે

આપે એવી સુખદ રીતે વિતાવ્યાં, એ ભૂમિ મારે માટે તીર્થસ્થાન છે.

'નવ' અને 'ગુજરાત' બંને શબ્દોનું મારી જિંદગીમાં અનોખું સ્થાન છે. ન્યૂ હાઈસ્કૂલે મને ઘડ્યો, નવગુજરાત કૉમર્સ કૉલેજે મને જાળવ્યો, જીરવ્યો, અને જતનપૂર્વક ઝીલ્યો. પોતાને ખભે બેસાડી 'ગુજરાત યુનિવર્સિટી'નું ટાવર જોવાનું સ્વપ્ન સીંચ્યું અને ગુજરાત યુનિવર્સિટીએ મને સૅનેટ (કોર્ટ) અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (સિંડિકેટ)માં કાર્યરત બનાવી નેતૃત્વ વિકાસની ભૂમિકા પ્રદાન કરી અને અમદાવાદના નગરસેવક (કૉર્પોરેટર)થી આગળ વધી ગુજરાત વિધાનસભામાં પ્રવેશવાનું મારું સ્વપ્ન સાકાર થયું, જેને પગલે હું રાજ્યમંત્રીના પદેથી મારા વહાલા ગુજરાતને સેવા અર્પતો અર્પતો ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીપદ સુધી પહોંચી શક્યો, એમાં માતા સરસ્વતીના વરદ્ હાથનો આશીર્વાદ પણ અવશ્ય કારણભૂત બન્યો છે. 'નવનિર્માણ'નું નેતૃત્વ પણ તેમાં એટલું જ નિર્ણાયક બન્યું.

આશ્રમરોડ, અમદાવાદમાં જેનો 1963માં પાયો નંખાયો, એ નવગુજરાત આર્ટ્સ – કૉમર્સ કૉલેજ સંખ્યાની દૃષ્ટિએ ત્યારે ભાંખોડિયે ચાલતી હતી. પ્રોફેસરો ઘેર ઘેર ફરીને પ્રવેશ સંખ્યા વધારવા મથતાં હતાં, પણ કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટી અને આચાર્ય એમ.સી. શાહ સાહેબની અનુભવી દૃષ્ટિને એ વાતનો એતબાર હતો કે 'વિદ્યાર્થીઓનો સંતોષ એ શૈક્ષણિક વિકાસનો મુદ્રાલેખ' છે, તેથી વિદ્વાન પ્રોફેસરો, સમૃદ્ધ ગ્રંથાલય, રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમથી ધમધમતું વાતાવરણ વિદ્યાર્થીઓને કૉલેજ તરફ આકર્ષનારાં પરિબળો છે.

શ્રી એમ.સી. શાહ સાહેબ 'મધ્યમમાર્ગી' હતા, કુશળ સંચાલક, પણ એમની 'ગતિ' ક્યારે 'અતિ' તરફ નથી રહી. શિસ્તનો આગ્રહ ખરો, પણ 'દુરાગ્રહ' ક્યારેય નહીં. વિદ્યાર્થીઓના ગેરશિસ્તની ફરિયાદને 'કાગનો વાઘ' કરવાનું એમનું વલણ નહોતું. જૈન હોવાને કારણે

'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' તેઓ સતત વહેતું રાખતા, જેને લીધે વિદ્યાર્થીઓને 'અભય' નું વરદાન સહજ રીતે જ મળી જતું.

પરિણામે વિદ્યાર્થીઓમાં નેતૃત્વ માટે નવગુજરાત 'અભયારણ્ય' બની. પોતાની માગણીઓ લાગણીઓ વ્યક્ત કરવા કૉલેજના ચૂંટાયેલા જનરલ સેક્રેટરીને(જી.એસ.) ઉદાર મોકો મળતો. અમારા છણકા-છાકોટા-ઉધામા-ધમપછાડા, ક્યારેક ભાંગફોડ પણ તેઓ આચાર્યભાવે નહીં, પણ પિતાતુલ્ય વાત્સલ્યવર્ષાથી સહી લેતા. નવગુજરાત કૉમર્સ કૉલેજ વિદ્યાર્થીની નેતૃત્વની તાલીમશાળા બની. કૉલેજના જી.એસ. તરીકેના વિજયથી આરંભાયેલી મારી નેતૃત્વયાત્રાનો યશ હું નવગુજરાત કૉમર્સ કૉલેજને આપું છું. નવગુજરાત કૉલેજે ગુજરાતના શિક્ષણ અને રાજકારણમાં મારા જેવા અનેક નેતાઓ અર્પ્યા છે, એટલું જ નહીં ઉત્તમ બિઝનેસમેન, વિદ્વાન પ્રાધ્યાપકો, લોકપ્રિય લેખકો, ધારાશાસ્ત્રીઓ, જજ અને ન્યાયમૂર્તિઓ, પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ્સ અને સમાજસેવીઓ અર્પ્યા છે. સમાજ અને રાજકારણ એ દૃષ્ટિએ નવગુજરાતનું ઋણી છે.

નવગુજરાતે શિક્ષણક્ષેત્રે જે નામના મેળવેલી, એમાં એના સંનિષ્ઠ અને વિદ્વાન પ્રાધ્યાપકોનો ફાળો અવિસ્મરણીય હતો. કૉમર્સ કૉલેજમાં પ્રો. સી.બી. મહેતા અને પ્રો. એમ.સી. જોશીના પિરિયડો વિદ્યાર્થીઓ હોંશે-હોંશે ભરતા. સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં સ્વ.પ્રો. ધર્મેન્દ્ર ઝાલા, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પ્રો. જયરામભાઈ પટેલ અને પ્રો. ડી.એમ. રાવલ એક ટીમ તરીકે કામ કરી સ્વ. અવિનાશ વ્યાસ લિખિત અને ગૌરાંગ વ્યાસના સંગીત મઢી નૃત્યનાટિકાઓ પાંચ પાંચ દિવસ સુધી ટાઉનહૉલના તખ્તેથી રમતી મૂકે. રમતગમતમાં પ્રો. સી.આઈ. મિસ્ત્રી, હર્ષદભાઈ પટેલ અને રણજિતભાઈ ચૌહાણ અત્યંત સક્રિય. એન.એસ. એસ.ને કૉલેજકક્ષાએ આગવી નામના અપાવવામાં પ્રો. બાલુભાઈ પટેલ અને પ્રો. લક્ષ્મણભાઈ પટેલ ભારે જહેમત ઉઠાવતા. નવગુજરાત આર્ટ્સ અને કૉમર્સ બંને સવારના સમયની કૉલેજો પણ બંને કૉલેજોના વિદ્વાન અને સમર્પિત અધ્યાપકોનો પારસ્પરિક અદભુત સમન્વય.

બી.કોમ. થયા પછી મને નવગુજરાત લૉ કૉલેજે સાદ કર્યો અને એલ.એલ.બી.નો અભ્યાસ મેં લૉ કૉલેજમાં પૂરો કરી ઍડવોકેટની પાત્રતા કેળવી. વિદ્યાર્થીસંઘનું નેતૃત્વ ત્યાં પણ સંભાળ્યું. પણ મારે ન્યાયક્ષેત્રના વકીલ નહોતું બનવું, મારે જાહેર જનતાના વકીલ બનવું હતું, વિદ્યાર્થીઓની સમસ્યાઓની



રજૂઆત અને તેના ન્યાયોચિત સમાધાનના વકીલ બન્યું હતું.

ઉચ્ચ શિક્ષણમાં નોંધપાત્ર સેવાઓનો મોકો મને મળ્યો સેનેટ સભ્ય તરીકે ચૂંટાવાને કારણે. વિદ્યાર્થીઓના પ્રશ્નોની મેં હંમેશાં નિર્ભય રીતે રજૂઆત કરી છે. કુલપતિઓ સામે બાંયો પણ ચઢાવી પણ એ બધું કશુંય, દ્વેષવૃત્તિ કે વેરવૃત્તિ વગર. સ્વ. એમ.સી. શાહ સાહેબ સાથે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ઠીક ઠીક સમય સુધી કામ કરવાનો મને મોકો મળ્યો છે અને યુનિવર્સિટીની જ મહત્ત્વપૂર્ણ કમિટીઓમાં મેં મારી સેવાઓ અર્પી તેમાં તેમના માર્ગદર્શન અને અનુભવનો લાભ મળ્યો છે. આજે પણ અર્પી રહ્યો છું એનો મને આનંદ છે.

નવગુજરાત કૉલેજ જ્ઞાન માટે પણ પ્રખ્યાત અને આંદોલનો માટે પણ પ્રખ્યાત. નવગુજરાત કૉલેજમાં હડતાળ પડે એટલે બીજી કૉલેજોના વિદ્યાર્થીઓ પણ એમાં જોડાઈ જાય. અમારાં આંદોલનો વિદ્યાર્થીઓના પ્રશ્નોને વાચા આપવા માટે હોય, પણ અમારા વડીલો, ટ્રસ્ટીઓ કે મુરબ્બી પ્રાધ્યાપકો અમને સમસ્યા ઉકેલની હૈયાધારણ આપે, એટલે અમારું આંદોલન સમેટી લેવામાં અમે ક્ષણનોય વિલંબ નહોતા કરતા. એમાં એમ.સી. શાહ સાહેબનો 'ક્ષમાભાવ' અને 'સહિષ્ણુતા' મહત્ત્વનો ભાગ ભજવતાં. હાસ્યલેખકશ્રી વિનોદ ભટ્ટની ભાષામાં કહું તો શ્રી એમ.સી. શાહ સાહેબ મારા ટીચર-ઈન-લૉ હતા. કારણ કે મારી પત્ની નીતા પણ નવગુજરાત કૉલેજની જ વિદ્યાર્થિની હતી. એ નાતે મેં 'જમાઈરાજ'ના પદનો ઠીકઠીક લાભ લીધેલો.

રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જ નવગુજરાત કૉમર્સ કૉલેજનું સમગ્ર ગુજરાતમાં માનભર્યું સ્થાન હતું. કૉમર્સમાં પ્રવેશનું નામ આવે એટલે વિદ્યાર્થીઓના મોઢે પ્રથમ ત્રણ નામ ઉચ્ચારાય. એચ.એલ., એચ.એ. અને નવગુજરાત કૉમર્સનાં પરિણામો જાહેર થાય એટલે ફર્સ્ટ ક્લાસની યાદીમાં નવગુજરાતના તેજસ્વી તારલાઓનાં નામ મોખરે હોય.

નવગુજરાત કૉલેજમાં 1978માં શરૂ થયેલી નવગુજરાત મલ્ટિકોર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટે ડીમ્ડ યુનિવર્સિટી કક્ષાની નામના મેળવી હતી, જે એમ.સી. શાહ સાહેબના સ્વપ્ન અને એના તત્કાલીન નિયામક ડૉ. ચંદ્રકાન્ત મહેતાના પુરુષાર્થનું સુપરિણામ હતું. ડૉ. કુમારપાળ દેસાઈનું પણ નાયબ નિયામક તરીકે નોંધપાત્ર પ્રદાન. એવી જ નામાંકિત સંસ્થા તે




પૂર્વ કુલસચિવ શ્રી કે.સી.પરીખ અને શ્રી ઇન્દ્ર વસાવડા, નિવૃત સહાયક શિક્ષણ નિયામક




પોલીસ કમિશનર શ્રી એરિક રેનિસનનું સ્વાગત કરતા શ્રી નરહરિભાઈ અમીન



વાર્ષિક દિને શ્રી એચ.એમ. પટેલના હસ્તે ઇનામ વિતરણ

(સ્વ.) એસ.પી. શાહના નેતૃત્વ હેઠળ કાર્યરત કોસ્ટ ઍકાઉન્ટન્સી સંસ્થા.

મારા વિદ્યાર્થીકાળના નવગુજરાત કૉલેજના આચાર્યોમાંથી આજે એક પણ આચાર્ય હયાત નથી. નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્ય એમ.સી. શાહ સાહેબ, આટ્ર્સ કૉલેજના આચાર્ય ઇન્દુપ્રસાદ ભટ્ટ સાહેબ, લૉ કૉલેજના આચાર્ય પી.આર. દેસાઈ સાહેબ કોસ્ટ ઍકાઉન્ટન્સી સંસ્થાના નિયામક એસ.પી. શાહ સાહેબે ચિરવિદાય લીધી છે. કેટલાક વિદ્વાન અધ્યાપકો અને કર્મચારીઓ પણ અનંતયાત્રાએ સિધાવ્યા છે. એ સહુને મારી શ્રદ્ધાંજલિ.

નવગુજરાત કૉલેજનું નામ ગુજરાતની નામાંકિત અગ્રણી કૉલેજોમાં હતું અને આજે પણ તેનું સ્થાન ગૌરવવંતુ છે. એની વિદ્યાર્થીપ્રિયતામાં ઓટ આવી નથી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં સેતુરૂપ ભૂમિકા માટે મને ભૂતપૂર્વ વિદ્યાર્થીસંઘનો અધ્યક્ષ બનાવવામાં આવ્યો છે અને શુદ્ધ શૈક્ષણિક દૃષ્ટિને વરેલા નવગુજરાત કૉલેજ પરિવારના વર્તમાન મૅનેજિંગ ટ્રસ્ટી મૂળ નવગુજરાત નામધારી સઘળી કૉલેજોનું સુચારુરૂપે સંચાલન કરતા રહ્યા છે. દિવંગત એમ.સી. શાહ સાહેબના યશસ્વી શૈક્ષણિક જીવન અને પ્રદાનને શબ્દાંજલિ, ભાવાંજલિ



અને શ્રદ્ધાંજલિ અર્પતો વિશેષાંક પ્રકાશિત કરવાની જહેમત એમ.સી. શાહ સાહેબના સુપુત્ર અને સુખ્યાત આર્કિટેક્ટ સ્નેહલભાઈ શાહ ઉઠાવી રહ્યા છે, ત્યારે હું પણ નવગુજરાત કૉલેજના વિદ્યાર્થી તરીકે મારાં શબ્દસુમન સ્વ. એમ.સી. શાહ સાહેબના દિવંગત આત્માને અર્પણ કરી તીર્થંકરોની કરુણા એમને ચિર મુક્તિધામની શુભાશિષના અધિકારી બનાવે એવી પ્રાર્થના કરું છું.

# શિક્ષણશાસ્ત્રીની સાથે આદર્શ વહીવટકર્તા
## - શ્રી સુધીરભાઈ નાણાવટી

એક સમયે એ સૂત્ર પ્રચલિત હતું કે 'નો નૉલેજ રિક્વાયર્ડ કોલેજ'. નવગુજરાત કૉમર્સ કોલેજ શરૂ થઈ ત્યારે પણ અમદાવાદમાં કૉમર્સ કોલેજોની સંખ્યા આંગળીને વેઢે ગણાય એટલી હતી. પણ 'નો નૉલેજ રિક્વાયર્ડ કોલેજ'ના સૂત્રને ચરિતાર્થ કરે એવી પાત્રતા નવગુજરાત કોલેજે આરંભકાળથી જ કેળવી લીધી છે.

લગભગ ભાગ્યે જ કોઈ કોલેજમાં ત્યારે પ્રાર્થના સાથે શિક્ષણનો આરંભ થતો. એ સ્થિતિમાં નવગુજરાત પરિવારની કોલેજોએ પ્રાર્થના દ્વારા આધ્યાત્મિક, નૈતિક તથા જીવનઘડતરલક્ષી પ્રેરણા–પાથેય વિદ્યાર્થીઓ માટે સુલભ બનાવ્યું હતું.

પ્રાર્થના સમયે સ્વયંભૂ શિસ્તનાં દર્શન થતાં. પ્રાર્થના શરૂ થઈ પૂરી થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની અવરજવર સંપૂર્ણપણે સ્થગિત થઈ જતી અને શાંતિનું વાતાવરણ સર્જાતું.

1971-72થી 76-77 સુધી બી.કૉમ. તેમ જ એલ.એલ.બી.ની પદવી માટે નવગુજરાત કૉમર્સ કૉલેજ તથા નવગુજરાત લૉ કૉલેજમાં મને અભ્યાસ કરવાની તક સાંપડી.

અમારા વખતમાં આજની જેમ કૉમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓનો ધસારો ઓછો રહેતો. આર્ટ્સ કૉલેજ વિદ્યાર્થીઓની મોટી સંખ્યાથી છલોછલ રહેતી.

સવારની આર્ટ્સ તથા કૉમર્સ કૉલેજમાં એફ.વાય.થી માંડી ટી.વાય. સુધીના ત્રણચાર વર્ગો બેસતા અને રિસેસમાં વિનયન તથા વાણિજ્યની વિદ્યાર્થિનીઓ એકબીજાને હેતથી મળતી. લેડિઝરૂમ પ્રમાણમાં નાનો પણ અમારા હૃદયમાં એટલી બધી વિશાળતા કે સંકડાશની ફરિયાદ કર્યા સિવાય અનુકૂલન કરી લેતાં.

નવગુજરાત કૉલેજની 'ટૅલેન્ટ ઇવનિંગ'નો કાર્યક્રમ અત્યંત વિદ્યાર્થીપ્રિય. બહારની કૉલેજના વિદ્યાર્થીઓ પણ પાસ માટે પડાપડી કરે. ટૅલેન્ટના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉમળકાભેર ભાગ લેતા અને કેટલીક વિદ્યાર્થિનીઓના કંઠનાં કામણ એટલાં બધાં પ્રભાવશાળી કે એમનાં ગીતોને 'વન્સમોર' મળતું. ઓર્કેસ્ટ્રા પણ પાવરફુલ. ગીતસંગીતની રમઝટ વચ્ચે 3 કલાક ક્યાં પસાર થઈ જાય તેની કોઈને ખબર જ નહોતી પડતી. ટૅલેન્ટના કાર્યક્રમ જેટલો જ જોરદાર સાંસ્કૃતિક કાર્યક્રમ. શરદ શુક્લના નૃત્યનિર્દેશનમાં ગુજરાતના લોકજીવનનાં પાત્રો પર આધારિત નૃત્યનાટિકાઓને શ્રી ગૌરાંગ વ્યાસ, શ્રી રાસબિહારી દેસાઈ, શ્રીમતી વિભાબેન દેસાઈ, ઉમાબેન ઓઝા વગેરેનાં ગાયકી તથા ટિપિકલ રીતે બોલાતા સંવાદોનો કાર્યક્રમને લાભ મળતો. એક-એકથી ચઢિયાતાં નાટકો પણ ભજવાતાં. યૂથ ફેસ્ટિવલમાં પણ નવગુજરાત કૉલેજનું નામ મોખરે રહેતું.

નવગુજરાત કૉલેજમાં મારું ધ્યાન સાંસ્કૃતિક તથા બૌદ્ધિક સ્પર્ધાઓમાં ભાગ લેવાને બદલે શૈક્ષણિક કારકિર્દીની ઉજ્જ્વળતા તરફ વધુ રહેતું. પરિણામે હું નિયમિત રીતે વર્ગો ભરતી. વ્યાખ્યાનનોંધ કાળજીપૂર્વક લેતી અને મારા સહાધ્યાયીઓ શ્રી નરહરિ અમીન, પંકજ ઠાકોર, પંકજ દેસાઈ વગેરેને તે સુલભ બનાવતી. મારી 'રેડીમેડ' નોટ્સ વર્ગમાં અલ્પ હાજરી ધરાવતા મારા હાલના જીવનસાથી અને તત્કાલીન સહાધ્યાયી માટે પરીક્ષાની વૈતરણી તરવામાં મદદરૂપ થતી. ક્યારેક એમને પરીક્ષા માટે તૈયાર કરવામાં સહાધ્યાયી ઉપરાંત 'ગુરુ'ધર્મ પણ બજાવવો પડતો.

તે વખતના વિદ્વાન પ્રાધ્યાપકો પ્રો. સી.બી. મહેતા, જેમને પાઠ્યપુસ્તકનાં પાનાં લગભગ કંઠસ્થ હોય, પ્રો. એમ.સી. જોશી, પ્રો. ધર્મેન્દ્ર ઝાલા, પ્રો. ડી.એમ. રાવલ, પ્રો. જશુભાઈ ઠક્કર વગેરે વિવિધ વિષયો એવી સુંદર રીતે ભણાવતા કે તે વિષય વિદ્યાર્થીઓ માટે સરળ અને સુગ્રાહ્ય બની જતો.

પણ આવી સુંદર શૈક્ષણિક આબોહવા સર્જવાનું શ્રેય પ્રિ. એમ.સી. શાહ સાહેબને ફાળે જાય છે. 15મી

જૂને કૉલેજ શરૂ થાય એટલે સમગ્ર સ્ટાફ હાજર હોય. પહેલા દિવસથી શૈક્ષણિક કાર્ય શરૂ થાય. જરૂર જણાય તો અને ત્યારે અધ્યાપકો એક્સ્ટ્રા પિરિયડ લઈ કોર્સને સંપૂર્ણ ન્યાય આપે. મુ. શાહ સાહેબ તમામ વિદ્યાર્થીઓની વાત શાંતિથી જ નહીં, માનપૂર્વક અને ધ્યાનપૂર્વક સાંભળે, જરૂરી મુદ્દા નોંધી લે અને તેનો યથોચિત તાત્કાલિક નિકાલ કરે! એ બધાને પરિણામે વિદ્યાર્થીવૃંદને તેમના પ્રત્યે અત્યંત આદરભાવ હતો. તોફાની વિદ્યાર્થીને પણ તેઓ પ્રેમથી સમજાવતા. કોઈનેય આકરી સજા કરવાનું તેમનું મનોવલણ જ નહીં. મન-વચન-કર્મથી તેઓ 'જૈન' હતા, અહિંસક હતા, કરુણાશીલ હતા. નવગુજરાત લૉ કૉલેજના આચાર્ય પી.આર. દેસાઈ પણ વિદ્વાન આચાર્ય. મુલાકાતી અધ્યાપકો પણ વિદ્વાન. નવગુજરાતની આન અને શાનવૃદ્ધિમાં સમગ્ર નવગુજરાત પરિવારનો સહિયારો પુરુષાર્થ છે.

આજે મુ. એમ. સી. શાહ સાહેબ આપણી વચ્ચે નથી. કૉલેજનું નામાભિધાન પણ એમના નામે થયું તે સાર્થક. ઍકાઉન્ટન્સીના 'શાહ-હકાણી'નાં દળદાર પુસ્તકો વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થતાં.

ગુજરાતના ઉચ્ચ શિક્ષણના ઇતિહાસમાં માન. એમ. સી. શાહ સાહેબનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થશે. વિદ્યાર્થીવત્સલ ગુરુ અને ઉત્તમ સંચાલક તથા કૉમર્સ વિષયના તજજ્ઞ તરીકે સ્વ. એમ. સી. શાહ સાહેબને મારી હાર્દિક સ્મરણાંજલિ.




રમતગમત વિજેતાઓ સાથે કૉલેજમાં

# Mahendrabhai as an institutions' builder

## - shri Anilbhai bekeri



મંત્રી શ્રી દિનેશભાઈ શાહ કોલેજની મુલાકાતે

My first brush with Shri Mahendrabhai Shah, the eminent educationist and institution builder was by a strange co-incidence at the footsteps of the Gujarat University building, where I met him for the very first time somewhere in 1987. On our mutual morning walks, thereafter many times we met but only near the Gujarat University building. He was an early riser and so was I. I was impressed by him as a great educationist with high moral standards both in personal and in public life. I also recollect his early struggles as an Assistant Professor with a burning desire to start his own college in Economics & Commerce.

About late 80s' he would lament that the teachers were neither interested in teaching nor the students in learning. He was founder of the Navgujarat Commerce College at Usmanpura and built a very large campus with the support of close Philanthropists. This college has produced many eminent students who later on went into politics and made great careers in other fields also.

A few of his students were in the forefront of Navnirman Movement in the early seventies.

He began life very modestly in Ahmedabad Municipal Corporation's Octroi Department as a Junior Officer and went on

eventually to become a great academician and contributed immensely to the affairs of Gujarat University through his membership of senate and syndicate.

He worked closely for the upliftment of academic standards while Late Shri Umashankar Joshi was the Vice Chancellor in the Gujarat University. After Shri Mahendrabhai's demise, his sons, Shri Mukeshbhai – a very eminent Chartered Accountant and Shri Snehalbhai – also a very eminent Architect are keeping the tradition alive and running the Navgujarat Institutions.





કુલાધિપતિ ઉમાશંકર જોશીનું સ્વાગત



રાજ્યપાલ શ્રીમન્નારાયણ કૉલેજની મુલાકાતે

# વિકાસલક્ષી જ નહીં વ્યવહારલક્ષી કોલેજો સ્થાપી

## - શ્રી બી.વી.દોશી




મહેન્દ્રભાઈએ ગુજરાતના શિક્ષણક્ષેત્રે સૌથી દૂરંદેશીભર્યું અને ક્રાન્તિકારી પગલું ભર્યું હોય તો એ છે કે એમણે વિકાસની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વ્યવહારલક્ષી કોલેજો સ્થાપી. માત્ર પુસ્તકિયું જ્ઞાન કે ડિગ્રી આગળના સમયમાં નહીં ચાલે અને વિદ્યાર્થીમાં અત્યારથી જ કાર્યકુશળતા કેળવાવી જોઈએ એ સૂઝથી એમણે સૌને તૈયાર કર્યા. હું સૌ પ્રથમ વખત તેમને એક અજાણી વ્યક્તિ તરીકે કસ્તૂરભાઈ સાથે મળ્યો હતો અને પછી વારંવાર મળવાનું થતાં, ચર્ચાઓ દરમિયાન ખ્યાલ આવ્યો કે મહેન્દ્રભાઈ એક અનેરી વ્યક્તિ છે. જેમની દૃષ્ટિ સર્વનું હિત અને કલ્યાણ ઇચ્છે છે. મેં 1962માં સ્કૂલ ઑફ આર્કિટેક્ચર શરૂ કરી, એ જ વખતે એમણે એમની નવગુજરાત કૉલેજ શરૂ કરી. સ્થાપના અને શૈક્ષણિક ડિઝાઇનના અમારા સરખા વિચારો બંનેના જુદા જુદા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ માટે એકસરખી રીતે પ્રતિબિંબિત થયા. આજે પણ સદમા સોસાયટીમાં એમના ઘર પાસેથી પસાર થાઉં છું ત્યારે તેમની યાદ આવે છે. એમને યાદ કરતાં અને આજના શિક્ષણજગતનું ચિત્ર જોતાં મને એમ થાય કે જેમ સેપ્ટની બધી સંસ્થાઓ યુનિવર્સિટીનું સ્વરૂપ પામી, એમ જ એની સમકાલીન નવગુજરાત ગ્રૂપની બધી કોલેજો યુનિવર્સિટીનું સ્વરૂપ પામે.

# સાચા હીરાના જાણકાર
## - શ્રી ત્રિલોકભાઈ પરીખ

### સાચા હીરાના જાણકાર

શ્રી ત્રિલોકભાઇ પરીખ
નિવૃત્ત અધ્યાપક અર્થશાસ્ત્ર વિષયના, નવગુજરાત
આટ્ર્સ કૉલેજ, ગુલમહોર ક્લબના ડાયરેક્ટર

જીવનની કારકિર્દી પ્રારંભ સમયે જેમની પાસેથી અણધાર્યા સ્નેહ, સૌહાર્દ અને હૂંફાળો સાથ સાંપડ્યો હોય, એ સદાય અવિસ્મરણીય બની રહે છે. મારી કારકિર્દીના પ્રારંભે બહુ અણધારી રીતે આચાર્ય શ્રી એમ.સી. શાહ સાહેબનો મેળાપ થયો. 1963નો માર્ચ મહિનો. એ દિવસ નેહરુબ્રિજ પાસે આવેલા એક પેટ્રોલપંપની લાઇનમાં સ્કૂટર લઈને ઊભો હતો. એ જ લાઇનમાં મારી આગળ આચાર્યશ્રી એમ.સી. શાહ સાહેબ હતા. તેઓ મારી પાસે આવ્યા અને મારી સામે જોઇને જિજ્ઞાસાભેર પ્રશ્ન કર્યો.

'તમે જ ત્રિલોકભાઈ પરીખ?' અને મેં 'હા' પાડી', ત્યાં તો એમણે મને કહ્યું, 'ભાઈ, મેં તમને લઈ લીધા છે.'

આટલું બોલીને શાહ સાહેબ ઝડપથી પોતાના સ્કૂટર પાસે ગયા, પેટ્રોલ ભરાવ્યું અને પૈસા આપીને જતા રહ્યા.

એ દિવસનું મારું કામ પતાવીને હું ઘરે પહોંચ્યો, ત્યારે મનમાં સતત શાહ સાહેબનું એ વાક્ય ઘૂમરાતું હતું. એમણે કહ્યું 'ભાઈ તમને લઈ લીધા.' પરંતુ એ કયા સંદર્ભમાં કહ્યું.. એનો મને કશો ખ્યાલ નહોતો, એમણે ક્યાં લઈ લીધા? મને શું કામ લીધો? મારા મનમાં આ વાક્યએ પ્રબળ મનોમંથન જગાવ્યું. ત્રણ-ચાર દિવસ આ અંગે ખૂબ ગડમથલ કરી, પરંતુ શાહ સાહેબની વાતનો કોઈ તાળો મળ્યો નહીં. છેવટે વિચાર કર્યો કે એમની પાસેથી અર્થ જાણી લઉં.

સરદાર વલ્લભભાઈ પટેલ કૉલેજમાંથી એમનો નંબર શોધીને એમના બંગલે ફોન કર્યો. ઘરમાં કામ



મા. નાણાપ્રધાન શ્રી એચ.એમ.પટેલ

કરતા નોકરે ફોન ઉપાડ્યો એટલે મેં કહ્યું, 'તમે શાહ સાહેબને ફોન આપશો?' એણે વળતો પ્રશ્ન કર્યો કે 'તમે કોણ બોલો છો?'

મેં કહ્યું કે 'હું ત્રિલોક પરીખ બોલું છું.'

શાહ સાહેબે ફોન લીધો અને કહ્યું, 'અરે! હું તમને જ યાદ કરતો હતો અને ફોન કરવાનું વિચારતો હતો ત્યાં જ તમારો ફોન આવી ગયો. કેવો યોગાનુયોગ.'

મેં મારા મનમાં ચાલતી ગડમથલ અંગે પૂછ્યું, 'આપે મને પેટ્રોલપંપ પર કહ્યું કે ભાઈ, તમને લઈ લીધા છે, પણ તમારી એ વાત હું સમજી શક્યો નહીં. એ સમજવા માટે જ મેં આપને ફોન કર્યો છે.'

એમણે કહ્યું કે, આપણે આવતા જૂન મહિનાથી નવગુજરાત આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ શરૂ કરી રહ્યા છીએ. એમાં તમારી અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે પસંદગી કરી છે. માટે તમે મને આવીને મળી જજો. પણ કૉલેજમાં તમારે અચૂક અમારી સાથે જોડાવાનું છે.

એમના શબ્દોમાં ભારોભાર સરળતા હતી પારદર્શકતા હતી અને એથીયે વિશેષ તો એમણે ભાવપૂર્વક કરેલા લાગણીભર્યા 'ભાઈ' શબ્દએ મારા હૃદયને લાગણીભીનું બનાવી દીધું. એ પછી તો શાહ સાહેબ સાથે ગાઢ સંબંધની શરૂઆત થઈ.

1963થી 1972નાં નવ વર્ષમાં મેં નવગુજરાતમાં અધ્યાપક તરીકે કામગીરી બજાવી. મારા જીવનનો એ ઉત્સાહી વિદ્યાર્થીઓ, સહાધ્યાયી પ્રોફેસરો અને શિસ્તબદ્ધ કૉલેજના કર્મચારીઓના સ્નેહથી ભર્યો ભર્યો સમય હતો. કૉલેજના સમવયસ્ક યુવાન પ્રોફેસરો સાથે સહજતાથી દોસ્તીની ગાંઠ બંધાતી ગઈ. કર્મચારીઓ પણ એટલી જ હૂંફથી તમને આવકાર આપે છે અને એ બધામાં જાણ્યેઅજાણ્યે શાહ સાહેબના વિચાર અને આચરણની એક છાપ જોવા મળે. એમના આદર્શો સિદ્ધાંતો, કાર્યદક્ષતા, કરકસર, પ્રામાણિકતા, ઉદારતા કર્તવ્યનિષ્ઠા અને પ્રશ્નને હલ કરવાની આગવી સૂઝ અને શક્તિના જુદા જુદા પ્રસંગો મે અનુભવ્યાં.

એ સમયે હું અને ધર્મેન્દ્રસિંહ ઝાલા 'પરીખ-ઝાલા પ્રકાશન' ચલાવતા હતા તેમ જ અમારા પ્રાઇવેટ કોચિંગ ક્લાસિસ પણ ચાલતા હતા. શાહ સાહેબ સાથેનો કૉલેજકાળનો બીજો એક અવિસ્મરણીય પ્રસંગ કદી ભૂલી શકાશે નહીં. એ સમયે કૉલેજમાં લેક્ચરરની જગા માટે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે એમ.એ. માં સેકન્ડ ક્લાસ હોવો જરૂરી હતો. એમ.એ.માં મારો સેકન્ડ ક્લાસ આવ્યો હતો, પરંતુ મારા અભિન્ન મિત્ર શ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલાનો પાસ ક્લાસ આવ્યો હતો. શ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલાને છોડીને હું એકલો કૉલેજમાં

[illegible] જાઉં તેવો હું નગુણો નહોતો. આથી શાહ સાહેબ પાસે ગયો અને એમને વિનંતી કરી કે મારી સાથે [illegible] તરીકે ધર્મેન્દ્રસિંહ ઝાલાનો પણ સમાવેશ કરો. મારા અપાર આશ્ચર્ય વચ્ચે એમ.સી. શાહ સાહેબે મારી વિનંતી માન્ય રાખી અને ધર્મેન્દ્રસિંહ ઝાલાને [illegible] તરીકે લેવાની સંમતિ આપી. મારી મૂંઝવણ ટળી અને ઇચ્છા ફળી. મારા અભિન્ન મિત્ર ઝાલાનો [illegible] માટેનો સ્નેહાદર વધી ગયો. મારી ભલામણને કારણે એમણે એકાદ વર્ષ માનદ્ સેવા આપ્યા પછી તો પ્રા. ધર્મેન્દ્રસિંહ ઝાલા એક વિદ્વાન અધ્યાપક તરીકે સર્વત્ર આદર પામ્યા અને તેમની વિદ્વત્તા, શિસ્તપ્રિયતા અને સૌજન્યશીલતાએ કૉલેજમાં એમને સહુનો અપાર સ્નેહ અપાવ્યો.

એમ.સી. શાહ સાહેબની સૌથી મોટી વિશેષતા એ હતી કે એમનામાં કોઈ અહમ્ નહોતો. અધ્યાપકો સાથે હસીને, હળીમળીને રહેવું અને તેમના સુખ દુઃખના પ્રસંગોમાં ભાગ લેવો એ એમનો મહત્ત્વનો ગુણ હતો. કોઈ અધ્યાપક એમને મળવા આવે તો ખૂબ સરળતાથી એમણે મળી શકતો. શાહ સાહેબ એની વાત ખૂબ શાંતિથી સાંભળતા અને એમના પ્રશ્નોનું સુખદ નિરાકરણ કરતા. આવા સરળ અને [illegible] સ્વભાવને કારણે તેઓ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને અધ્યાપકોમાં ખૂબ ચાહના પામ્યા હતા. કોઈ અપરિચિત વ્યક્તિ આવે તો પણ એનો આદરપૂર્વક સત્કાર કરતા. એક કુશળ અધ્યાપક તો હતા જ, એવા જ કામિયાબ વહીવટકર્તા હતા અને સહુને માટે નમ્રતા ધરાવનાર કાબેલ અને આદર્શ વ્યક્તિ હતા.

ઍકાઉન્ટન્સીના અધ્યાપક તરીકે વિદ્યાર્થીઓમાં એમની આગવી પ્રતિષ્ઠા હતી અને ઍકાઉન્ટ અને વાણિજ્યને લગતાં અનેક પુસ્તકોના લેખક તરીકે તેઓ સમગ્ર ગુજરાતમાં જાણીતા હતા. એક અર્થમાં કહીએ તો એમણે શૂન્યમાંથી સર્જન કર્યું હતું. રાત-દિવસ એમના મનમાં એક રટણા રહેતી હતી કે નવગુજરાત કૉલેજને હું ગુજરાતની એક આગવી પ્રતિષ્ઠા ધરાવતી કૉલેજ બનાવું.

1963માં કૉલેજનો પ્રારંભ થયો, ત્યારે કૉલેજને માટે ઘણા કપરા દિવસો હતા. કૉલેજમાં આશરે ત્રણસોથી સવા ત્રણસો જેટલા વિદ્યાર્થીઓ હતા અને અંદાજે દર વર્ષે બે લાખ રૂપિયાનું નુકસાન થતું હતું. એમના મનમાં સતત એ વિચાર ચાલતો કે કઈ રીતે નુકસાન વગર કૉલેજનો વહીવટ કરી શકાય.

આ અંગે એક દિવસ એમણે મારી સાથે વાત કરી, ત્યારે મેં એક સૂચન કર્યું, કે અન્ય કૉલેજની માફક આપણે પણ વાર્ષિક સમારંભ યોજવા જોઈએ, નૃત્યનાટિકા કે નાટકના સ્ટેજ શૉ કરવા જોઈએ. એની ટિકિટમાંથી આવક થાય અને એ સમયે સોવેનિયર પ્રગટ કરીને એની જાહેરાતમાંથી પણ રકમ મેળવીએ. આમ કરવાથી આપણે સંસ્થાને નુકસાનમાંથી નફા તરફ લઈ જઈશું.

શાહ સાહેબે ખૂબ ધ્યાનથી મારું સૂચન સાંભળ્યું અને મને સોવેનિયર બનાવવાનું કામ સોંપ્યું. સ્ટેજ-શૉ માટે એક બીજી કમિટી બનાવી અને જુદા જુદા પ્રકારના મિલન-સમારંભ યોજવાની પ્રવૃત્તિ પણ શરૂ કરી. આમ એક અધ્યાપકનું સૂચન જો યોગ્ય લાગે તો તેઓ તરત સ્વીકારી લેતા, એટલું જ નહીં એમના સ્વભાવ પ્રમાણે એનું ત્વરિત અમલીકરણ કરતા. એમની આ સૂઝને કારણે જ તેઓ માત્ર શિક્ષણવિદ્ કે શિક્ષણ સંસ્થાઓના સંચાલક જ નહોતા, પરંતુ શિક્ષણ દૂરોગામી દ્રષ્ટા પણ હતા.

મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ઇન્સ્પેક્ટરની નોકરીથી શરૂ કરનાર એમ.સી. શાહ ગુજરાત યુનિવર્સિટીની સિંડિકેટના સભ્ય અને નવગુજરાત ટ્રસ્ટની જુદી જુદી કૉલેજોના મૅનેજિંગ ટ્રસ્ટી બન્યા, એ એમની સફર એમના પુરુષાર્થની ગવાહી આપે છે. કવિ કહે છે તેમ 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો'. શાહ સાહેબે પરિવારની ભાવના જગાવી હતી કે દરેક અધ્યાપક પોતાના પરિવાર સાથે એક દિવસ કૉલેજમાં આવે અને સહુ સાથે મળીને આનંદ કરે, ભોજન કરે. પરસ્પરના કુટુંબ સાથે પરિચય મેળવે. સત્કાર્યની સુવાસ ક્યારેય ચાલી જતી નથી, એ રીતે એમના પરિવારદિનમાં આયોજનની એ સુવાસ આજે પણ નવગુજરાત કૉલેજમાં યોજાતા આચાર્યો, અધ્યાપકો અને કર્મચારીગણના પરિવારદિનના પ્રસન્નતાભર્યા કાર્યક્રમમાં જોઈ શકાય છે.

એમણે નવગુજરાત કૉલેજના વિકાસને માટે અનેક જુદા જુદા આયામો કર્યા. જુદા જુદા કોસ્ટ ઍકાઉન્ટિંગ કે મલ્ટિકોર્સ જેવા નવા કોર્સ શરૂ કર્યા. આમ શિક્ષણ, વાણિજ્ય અને સમાજલક્ષી સેવાઓની એમના જીવનની ત્રિવેણી જોવા મળે છે. પણ સૌથી વધુ તો એક કેળવણીકાર તરીકે એમણે કરેલા કર્મયોગ એમના જીવનનો ઉજ્જ્વળ અંશ છે. આવા મિલનસાર, પરગજુ, પુરુષાર્થી અને નમ્ર છતાં વ્યવહારકુશળ એવા એમ.સી. શાહ આજે આપણી વચ્ચે નથી, પરંતુ એમના ગુણોની સુવાસ હજી એમના સંપર્કમાં આવેલા સહુ કોઈ અનુભવે છે.

મૃત્યુ તો દેહનું હોય છે, અમર પંથ છે આત્માનો.


પ્રિ. એમ. સી. શાહ કોમર્સ કોલેજ
શ્રીમતી સુશીલાબેન રમણીકલાલ મહેતા આર્ટ્સ કોલેજ
સી. સી. શેઠ કોલેજ ઓફ કોમર્સ
દૌલતભાઇ ત્રિવેદી લૉ કોલેજ
નવગુજરાત કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન
નવગુજરાત કેમ્પસ, આશ્રમરોડ, અમદાવાદ.





જન્મ : ૧૫/૦૪/૧૯૨૯

સ્વર્ગવાસ : ૨૨/૦૫/૧૯૯૬